RNI No:- GUJGUJ/2011/39896

ગાંધીનગરથી પ્રસિધ્ધ થતુ નિડર અને ધ્યેયલક્ષી દૈનિક

દૈનિક

# અખંડ ભારત

AKHAND BHARAT ન્યાયક્ષેત્ર ગાંધીનગર રહેશે

તંત્રી : તેતરવાલ રૂપસિંહ હેમારામ ● વર્ષ: ૧૪ ● અંક: ૧૫૭● તારીખ: ૧૬-૦૯-૨૦૨૫, મંગળવાર● પાના : ૦૮ ● કિંમત :૧.૫૦=૦૦ રૂપિયા ● Annual Subscription-Rs.૫૦૦

ADD. I-406, Amardeep residency, NR. Pushkar bungalow, Nana chiloda, Ahmedabad/ Gandhinagar - 382330, Email : roopsinghtetarawal@gmail.com, WEB: https://akhandbharatdainik.com

## વનતારા પ્રાણી પુનર્વસન કેન્દ્રને સુપ્રિમની ક્લીનચીટ




જામનગર સ્થિત વનતારા પ્રાણી પુનર્વસન કેન્દ્ર સામે ઉઠેલા ગંભીર આક્ષેપોની તપાસ કરવાના હેતુથી સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ(StT)ની રચના કરી હતી. વનતારા સામેના આક્ષેપોમાં ગેરકાયદે રીતે પ્રાણીઓની ખરીદી, તેમને કેદમાં રાખીને અત્યાચાર તેમજ નાણાકીય ગેરરીતિ જેવા મુદ્દા સામેલ હતા. જો કે, એસઆઇટી રિપોર્ટ આવતાં જ સુપ્રીમ કોર્ટે આ તમામ આરોપો ફગાવીને વનતારાને ક્લિનચિટ આપી છે. એટલું જ નહીં, આ આક્ષેપો કરનારાની પણ સુપ્રીમ કોર્ટના જસ્ટિસ પંકજ મિથલ અને જસ્ટિસ પ્રસન્ના વરાલેની બેન્ચે ઝાટકણી કાઢી હતી.વનતારા સામે પશુ-પક્ષીઓની ગેરકાયદે હેરાફેરી તેમજ હાથીઓને ગેરકાયદે રીતે ગોંધી રાખવાના આરોપ સામે તપાસની માગ કરાઈ હતી. જો કે, વનતારા સામે વિવિધ ફરિયાદો બાદ હાથ ધરાયેલી તપાસમાં StT એ તમામ મુદ્દાની વિગતવાર સમીક્ષા કરી હતી. આ તપાસને અંતે રજૂ કરાયેલા રિપોર્ટમાં કહેવાયું છે કે, વનતારામાં કોઈપણ પ્રાણીઓને ગેરકાયદે લવાયા નથી, તેમની સાથે દુર્વ્યવહાર કરાતો નથી અને તેઓ સામે ભ્રષ્ટાચારના પણ કોઈ પુરાવા નથી. આ ટીમે સ્પષ્ટ કર્યું છે કે, વનતારાની પ્રવૃત્તિ કાયદા અને નિયમોના કડક પાલન સાથે ચાલે છે અને તે મુખ્યત્વે પ્રાણીઓના સંરક્ષણ, બચાવ તથા પુનર્વસન માટે જ કાર્યરત છે.આ દરમિયાન જસ્ટિસ પંકજ મિથલ અને પ્રસન્ના વરાલેએ ઓછા સમયમાં રિપોર્ટ આપનારી એસઆઇટીના વખાણ કર્યા હતા. એટલું જ નહી, વનતારા તરફથી હાજર રહેલા સીનિયર ઍડ્વાકેટ હરીશ સાલ્વેએ કહ્યું હતું કે, અમે ઇચ્છીએ છીએ કે આ રિપોર્ટ જાહેર થાય.StTનો રિપોર્ટ રજૂ થયા બાદ સોમવારે સુપ્રીમ કોર્ટે જાહેર કર્યું કે, વનતારા ‘કાયદાનું સંપૂર્ણ પાલન કરતી’ સંસ્થા છે. આ સાથે કોર્ટે ચેતવણી પણ આપી છે કે, માત્ર શંકા કે પુરાવા વગરના આક્ષેપોને આધારે કોઈ સંસ્થાની પ્રતિષ્ઠાને કલંકિત કરવી યોગ્ય નથી. આવા દાવા વન્યજીવન રક્ષણ અને પ્રાણી કલ્યાણ માટેના સાચા પ્રયાસોને હાનિ પહોંચાડી શકે છે.

આ દરમિયાન કોર્ટે જણાવ્યું છે કે, ભવિષ્યમાં પ્રાણીઓ સંબંધિત આ સ્થિતિ ઉપર નજર રખાશે, પરંતુ હાલ તો વનતારા કાયદાકીય અને નૈતિક ધોરણોને અનુરૂપ કાર્યરત હોવાથી તેને બદનામ ન કરવી જોઈએ.

## કોંગ્રેસ પાક આતંકવાદ પર સૈન્ય કરતાં વધુ ભરોસો કરે છે-મોદી



ગુવાહાટીઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે આસામના દરાંગ અને ગોલાઘાટ જિલ્લામાં ૧૮૫૦૦ કરોડ રૂપિયાથી વધુના પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કર્યું હતું. મોદીએ એક મેડિકલ કોલેજ, એક નર્સિંગ કોલેજ અને જીએનએમ સ્કૂલનો શિલાન્યાસ કર્યો હતો. આ દરમિયાન આસામની અગાઉની કોંગ્રેસ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે કોંગ્રેસે આસામને હિંસા અને વિવાદ આપ્યા છે જ્યારે ભાજપે રાજ્યને સમૃદ્ધ બનાવ્યું છે. આતંકવાદ મુદ્દે પણ કોંગ્રેસ પર વડાપ્રધાને પ્રહારો કર્યા હતા, તેમણે કહ્યું હતું કે કોંગ્રેસ ભારતીય સૈન્ય કરતા પાકિસ્તાનના આતંકવાદ પર વધુ વિશ્વાસ કરે છે.

આસામમાં આગામી વર્ષે વિધાનસભાની ચૂંટણી યોજાવા જઇ રહી છે. એવામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આસામમાં ૧૮૩૫૦ કરોડ રૂપિયાના વિવિધ પ્રોજેક્ટને ખુલ્લા મુક્યા હતા. ગોલાઘાટ જિલ્લામાં રેલીને સંબોધતા મોદીએ કહ્યું હતું કે કેન્દ્ર સરકાર ક્રૂડ ઓઇલ અને ગેસની આયાત ઘટાડવાની દિશામાં પ્રયાસો કરી રહી છે સાથે જ ગ્રીન એનર્જીને પ્રોત્સાહન આપી રહી છે. અમેરિકાએ ભારતની વસ્તુઓ પર ૫૦ ટકા ટેરિફ નાખ્યો છે, રશિયા પાસેથી ભારત ઓઇલ ખરીદી રહ્યું હોવાથી ટ્રમ્પે આ નિર્ણય લીધો છે એવામાં મોદીએ આ નિવેદન આપ્યું હતું. મોદીએ વધુમાં કોંગ્રેસ પર પ્રહારો કરતા જણાવ્યું હતું કે કોંગ્રેસે દેશમાં લાંબા સમય સુધી શાસન કર્યું છે, આસામમાં પણ કોંગ્રેસની સરકાર હતી અને દસકાઓ સુધી શાસન કર્યું. જોકે જ્યાંસુધી કોંગ્રેસની સરકાર રહી ત્યાંસુધી વિકાસની ગતિ ધીમી રહી અને વિરાસત પણ સંકટમાં મુકાઇ હતી.ભાજપની ડબલ એન્જિન સરકાર આસામની જુની ઓળખને સશક્ત કરી રહી છે. કોંગ્રેસે આસામ અને નોર્થ ઈસ્ટને અલગાવ આપ્યું, હિંસા, વિવાદ આપ્યા. જ્યારે ભાજપની સરકાર વિકાસ અને વિરાસતથી સમૃદ્ધ રાજ્ય બનાવી રહી છે.

## ગાંધીજીની મૂર્તિ પર ભાજપ ટોપી-કમળ, કોંગ્રેસ-આરજેડી ભડક્યા



બિહારના મુઝફ્ફરપુરમાં એનડીએ કાર્યકર સંમેલન દરમિયાન મહાત્મા ગાંધીની પ્રતિમાને ભાજપને ટોપી પહેરાવામાં આવી છે. તેમજ કમળનું નિશાન ધરાવતો પક્ષનો ઝંડો પણ હાથમાં આપવામાં આવ્યો છે. સંમેલનમાં શાહનવાઝ હુસૈન, જેડીયુ કાર્યકર અધ્યક્ષ સંજય જહાં સહિત એનડીએના અનેક ધારાસભ્ય અને સાંસદ ઉપસ્થિત હતા. ફોટો વાઇરલ થયા બાદ રાજકારણમાં ખળભળાટ મચ્યો છે. વિપક્ષ કોંગ્રેસ પાર્ટી અને આરજેડીએ ભાજપના આ કૃત્યને ગાંધી બાપુનું અપમાન ગણાવી મોરચો છેડ્યો છે. તેમજ બાપુની પ્રતિમાને ગંગાજળથી સાફ કરી હતી.

જિલ્લાના મીનાપુર હાઇસ્કૂલ મેદાનમાં શનિવારે એનડીએના સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. બાપુની પ્રતિમા પર ભાજપની ટોપી અને પક્ષનો ઝંડો લગાવવામાં આવ્યો હતો. તેની વિરુદ્ધ આરજેડીના ધારાસભ્ય મુન્ના યાદવના નેતૃત્વમાં આરજેડી કાર્યકરો રસ્તા પર ઉતર્યા હતા. બાપુની પ્રતિમાની સામે કાર્યકરોએ ભારે વિરોધ પ્રદર્શન કર્યો હતો. આ કૃત્ય આચરનારા દોષિતોને આકરી સજા આપવાની માગ કરી રહ્યા હતા. તેમજ ધારાસભ્યે બાપુની પ્રતિમાને ગંગાજળથી સાફ કરવામાં આવી હતી.

આરજેડીના કાર્યકરો અને ધારાસભ્યોએ દેખાવો દરમિયાન કાર્યવાહી હાથ ન ધરવામાં આવે ત્યાં સુધી આંદોલન ચાલુ રાખવાની ચીમકી આપી હતી. આ મામલે સ્થાનિક પીઆઇ રામએકબાલ પ્રસાદના નિવેદન પર ફરિયાદ નોંધવામાં આવી છે. તેમણે જણાવ્યું કે, આ મામલાની જાણ થયા બાદ શનિવારે રાત્રે ટોપી અને ઝંડો જપ્ત કરવામાં આવ્યો હતો, આ કૃત્ય આચનારાઓની શોધખોળ થઈ રહી છે.

મુઝફ્ફરપુર તિલક મેદાન સ્થિત જિલ્લા કોંગ્રેસ કાર્યાલયમાં રવિવારે જિલ્લાધ્યક્ષ અરવિંદ કુમાર મુકુલના નેતૃત્વ હેઠળ બેઠક યોજાઈ હતી. જેમાં મીનાપુરમાં મહાત્મા ગાંધીની પ્રતિમા પર ભાજપની ટોપી પહેરાવવાના કૃત્યની નિંદા થઈ હતી. મુકુલે જણાવ્યું હતું કે, આ ઘટના રાષ્ટ્રીય ધરોહરનું અપમાન કરનારી છે. કોંગ્રેસની જિલ્લા કમિટી તેની આકરી ટિકા કરે છે. સોમવારે પક્ષનું એક પ્રતિનિધિમંડળ ડીએમને મળી દોષિતો વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરવાની માગ કરશે. કોંગ્રેસના જિલ્લા પ્રવક્તાએ ભાજપના જિલ્લા નેતૃત્વને માફી માગવા અપીલ કરી છે.

## ચૂંટણી પંચે રાહુલના મત ચોરીના આક્ષેપોની તપાસ કરવી જોઈએ




નવી દિલ્હીઃ બિહારમાં મતદાર યાદી સુધારણા કાર્યક્રમ ‘એસઆઈઆર‘ સમયે જ લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ચૂંટણી પંચ પર ‘વોટ ચોરી‘નો આક્ષેપ કર્યો હતો. આ મુદ્દે હવે ભૂતપૂર્વ ચૂંટણી કમિશનર એસવાય કુરેશીએ રાહુલ ગાંધીના સમર્થનમાં ચૂંટણી પંચની ઝાટકણી કાઢી છે. તેમણે કહ્યું ચૂંટણી પંચે રાહુલ ગાંધી પર ગુસ્સે થવાના બદલે તેમના આક્ષેપોની તપાસ કરાવવી જોઈએ.

ભૂતપૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનર એસવાય કુરેશીએ જણાવ્યું કે, ચૂંટણી પંચ પર વોટ ચોરીનો આક્ષેપ કરતી વખતે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ બોલેલા ‘એટમ બોમ્બ‘ અને ‘હાઈડ્રોજન બોમ્બ‘ જેવા મોટાભાગના શબ્દો રાજકીય નિવેદનો હતા. પરંતુ તેમણે વોટ ચોરીની જે ફરિયાદો કરી તેની વિગતે તપાસ થવી જોઈએ. કુરેશીએ બિહારમાં મતદાર યાદીમાં વિશેષ સુધારણા કાર્યક્રમની રીતો અંગે પણ ચૂંટણી પંચની ટીકા કરી હતી. તેમણે કહ્યું કે આ માત્ર ‘ભાનુમતિનો પટારો ખોલવા‘ સમાન નથી પરંતુ ચૂંટણી પંચે ‘મધમાખીના મધપૂડા‘માં હાથ નાંખી દીધો છે, જેનાથી તેને જ નુકસાન થશે.

એસવાય કુરેશીએ જગરનોટ પુસ્તક દ્વારા પ્રકાશિત તેમના નવા પુસ્તક ‘ડેમોક્રસીઝ હાર્ટલેન્ડ‘ના વિમોચન સમયે કહ્યું હતું કે, ચૂંટણી પંચે વિપક્ષનો વિશ્વાસ જીતવાની જરૂર છે. હું ૨૦૧૦થી ૨૦૧૨ વચ્ચે ચૂંટણી કમિશનર હતો. મારા કાર્યકાળમાં મેં હંમેશા વિપક્ષને પ્રાથમિક્તા આપી છે, કારણ કે તેઓ શાસક પક્ષની સરખામણીમાં નબળા હોય છે. વિપક્ષે વારંવાર સુપ્રીમ કોર્ટ જવું પડે છે અને હકીકતમાં ૨૩ પક્ષોએ કહેવું પડે છે કે તેમને મુલાકાતનો સમય નથી મળી રહ્યો અને કોઈ તેમની વાત સાંભળી રહ્યું નથી. ચૂંટણી પંચે રાહુલ ગાંધીના વોટ ચોરીના આક્ષેપો મુદ્દે તેમના માટે વાંધાજનક અને અપમાનજનક ભાષાનો ઉપયોગ કરવાના બદલે તેમના આક્ષેપોની તપાસ કરાવવી જોઈએ.

## મિઝોરમમાં ૭.૧૧ કરોડનું ડ્રગ્સ ઝડપી પાડ્યું



મિઝોરમના ચામ્ફાઈ જિલ્લા સ્થિત મ્યાનમાર સરહદ પાસેથી રવિવારે ૭.૧૧ કરોડની કિંમતની મેથામ્ફેટામિન ગોળીઓનો જથ્થો જપ્ત કરાયો છે. આસામ રાઈફલ્સના દળોને શુક્રવારે ઝોખાવથાર નજીક એક ભેદી વ્યક્તિ જણાઈ હતી. સૈનિકોને જોતા પોતાની પાસેની બેગ નાખી દઈને એ ભાગી ગઈ હતી. સૈનિકોએ બેગની તલાશી લેતા એમાંથી ૨.૩૭ કિલો મેથામ્ફેટામિન ગોળીઓનો જથ્થો મળી આવ્યો હતો.આસામ રાઈફલ્સે હાથ ધરેલી અન્ય કાર્યવાહીમાં શનિવારે સાઈટુઅલ ખાતે એક વાહનને અટકાવીને તલાશી લેવાતા એમાંથી દાણચોરીથી ઘૂસાડાયેલો ૮૧૬૦ કિલો બર્માની સોપારીનો જથ્થો મળી આવ્યો હતો, જેની બજાર કિંમત ૫૨.૧૭ લાખ રૂપિયા છે. પોલીસે આ જથ્થો લઈને જતા બે જણને અટક કર્યા છે.

## વક્ફ એક્ટમાં ૫ વર્ષની જોગવાઈ રદ, બિન મુસ્લિમ સભ્યો મહત્તમ ૩: સુપ્રીમ કોર્ટ

સુપ્રીમ કોર્ટે આજે વક્ફ (સુધારા) બિલ ૨૦૨૫ના અમલીકરણ પર સ્ટે મૂકવાનો ઈન્કાર કરી દીધો છે. જો કે, કેટલીક ધારાઓ પર રોક મૂકવાનો આદેશ આપ્યો છે. સુપ્રીમ કોર્ટે નોંધ્યું કે, વક્ફ (સુધારા) ઍક્ટ ૨૦૨૫માં કલમ ૩(r), ૩ C, ૧૪ જેવી જોગવાઈ અયોગ્ય છે. જેથી તેના પર રોક મૂકવાનો નિર્ણય લીધો છે.સુપ્રીમ કોર્ટે આખા વક્ફ (સુધારા) બિલ પર સ્ટે મૂક્યો નથી. પરંતુ અમુક જોગવાઈઓ પર પ્રતિબંધ મૂક્યો છે. જેમાં વક્ફ કરવા માટે પાંચ વર્ષ સુધી મુસ્લિમ ધર્મ પાળવાની જોગવાઈ ૩(આર) પર રોક મૂક્યો છે. જે મનમાનીભર્યો હોવાનું જણાવી સુપ્રીમ કોર્ટે તેના પર રોક મૂકી છે. ૨ (સી) જોગવાઈ વક્ફ સંપત્તિને વક્ફ સંપત્તિ માનવામાં આવશે નહીં. ૩ (સી) સાથે જોડાયેલા રેવન્યુ રૅકોર્ડની જોગવાઈ પર પણ રોક મૂકી છે. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટતા કરી છે કે, કાર્યપાલિકા કોઈપણ વ્યક્તિના અધિકારોનું નિર્ધારણ કરી શકતી નથી. જ્યાં સુધી રેવન્યુ રૅકોર્ડમાં પ્રોપર્ટી મુદ્દે અંતિમ નિર્ણય લેવામાં ન આવે ત્યાં સુધી વક્ફ સંપત્તિના અધિકારોમાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં. જો કે, સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે, કોઈપણ ત્રીજા પક્ષનો અધિકાર માન્ય ગણાશે નહીં.

## SIRમાં જરા પણ ગડબડ થશે તો આખી પ્રક્રિયા રદ થશે”



બિહાર સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન(SIR)ને લઈને સોમવારે (૧૫મી સપ્ટેમ્બર) સુપ્રીમ કોર્ટે મોટું નિવેદન આપ્યું છે. સુનાવણી દરમિયાન કોર્ટે કહ્યું કે ‘અમે બિહાર SIR પર આંશિક અભિપ્રાય આપી શકીએ નહીં. અંતિમ નિર્ણય ગમે તે હોય, તે આખા દેશ પર લાગુ પડશે. અમે માનીએ છીએ કે બંધારણીય સત્તા, ચૂંટણી પંચ, બિહારમાં કાયદા અને ફરજિયાત નિયમોનું પાલન કરી રહ્યું છે. જો અમને બિહાર SIRના કોઈપણ તબક્કે ચૂંટણી પંચ દ્વારા અપનાવવામાં આવેલી પદ્ધતિમાં કંઈ પણ ખોટું જણાશે, તો સમગ્ર પ્રક્રિયા રદ કરવામાં આવશે.

## તંત્રી લેખ......

# "ડિસેમ્બર ૨૦૧૫થી માત્ર વાસ્તવિક લાભાર્થીઓનેજ રેશનકાર્ડ ના લાભો મળશે ભારતના કરોડો રેશનકાર્ડ ધારકો માટે મોટા સમાચાર, સરકાર ખોટા લોકોના નામ કરશે દૂર"

આપણા દેશમાં કરોડો ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો માટે જીવનરેખા તરીકે કામ કરતા રેશનકાર્ડ ધારકો માટે મોટા સમાચાર આવ્યા છે. ખાદ્ય સુરક્ષા મંત્રાલયે તપાસ બાદ રેશનકાર્ડની પ્રક્રિયાને પારદર્શક બનાવવા અને નકલી કાર્ડ રદ કરવાનો નિર્ણય લીધો છે. આ અંગે, ખાદ્ય સુરક્ષા મંત્રાલયે તાજેતરમાં નવી માર્ગદર્શિકા બહાર પાડી છે, જે ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં દેશભરમાં લાગુ કરવામાં આવશે.આની સીધી અસર કરોડો ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો પર પડશે.હવે કાર્ડધારકોને માત્ર ઘઉં અને ચોખા જ નહીં, બાજરી અને



પણ મીઠું, રસોઈ તેલ જેવી વસ્તુઓ પણ મળશે. ઘણા રાજ્યોમાં આ મફત હશે, જ્યારે કેટલીક જગ્યાએ તેમને સબસિડીવાળા દરે ઉપલબ્ધ કરાવવામાં આવશે. પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના સાથે સંકળાયેલા પરિવારોને ગેસ સિલિન્ડર પર ડિસ્કાઉન્ટ અથવા મફત સુવિધા પણ મળી શકે છે.રાશનના જથ્થામાં વધારો થશે!! સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર, પહેલા પ્રતિ વ્યક્તિ ૫ કિલો ઘઉં અને ચોખા ઉપલબ્ધ હતા, હવે તેને વધારીને ૭-૭ કિલો કરવાની યોજના છે. આનાથી મોટા પરિવારોને રાહત મળશે અને પોષણ સ્તરમાં સુધારો થશે. ઈ-KYC હવે ફરજિયાત થશે. રાશનકાર્ડ સંબંધિત તમામ લાભો મેળવવા માટે, હવે e-KYC કરાવવું જરૂરી બનશે. આમાં આધાર અને જરૂરી દસ્તાવેજોની ડિજિટલ ચકાસણી પ્રક્રિયાનો સમાવેશ થાય છે. જે લોકો આ પ્રક્રિયા સમયસર પૂર્ણ નહીં કરે તેમના નામ યાદીમાંથી દૂર કરવામાં આવશે.તે સિવાય ડુપ્લિકેટ અને ખોટા નામો દૂર કરવામાં આવશે. સરકારે સ્પષ્ટ કર્યું છે કે પરિણીત પુત્રીઓ, મૃત સભ્યો અથવા અન્યત્ર સ્થાયી થયેલા લોકોના નામ રેશનકાર્ડમાંથી દૂર કરવામાં આવશે. તેનો હેતુ ફક્ત વાસ્તવિક લાભાર્થીઓને જ સુવિધાઓ પૂરી પાડવાનો છે.નાણાકીય મદદ પણ ઉપલબ્ધ થશે જેમકે ખાદ્ય પદાર્થોની સાથે, દર મહિને ૧૦૦૦ રૂપિયાની સીધી નાણાકીય સહાય પાત્ર પરિવારોના બેંક ખાતામાં મોકલવામાં આવશે. તહેવારો દરમિયાન આ રકમ ૨૦૦૦ રૂપિયા સુધી પણ વધારી શકાય છે. સરકારનો દાવો છે કે આ ફેરફારો વિતરણ વ્યવસ્થાને વધુ પારદર્શક બનાવશે અને ફક્ત જરૂરિયાતમંદ લોકોને જ સંપૂર્ણ લાભ મળશે.

# ગુજરાતમાં તા. ૧૭ સપ્ટેમ્બર થી ૦૨ ઓકટોબર ૨૦૨૫ સુધી "સ્વસ્થ નારી, સશક્ત પરિવાર" અભિયાન ઉજવાશે

જયેશભાઈ મકવાણા- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના ૭૫ મા જન્મ દિવસ તા. ૧૭ સપ્ટેમ્બરના રોજ ગુજરાત સહિત સમગ્ર દેશમાં "સ્વસ્થ નારી, સશક્ત પરિવાર" અભિયાનનો પ્રારંભ થશે . જેના અંતર્ગત વિવિધ આરોગ્ય વિષયક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આરોગ્યમંત્રીશ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતમાં રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે થી આ કાર્યક્રમનો રાજયવ્યાપી પ્રારંભ થશે.. રાજયમાં અંદાજે કુલ ૧.૪૧ લાખ કરતાં વધુ હેલ્થ કેમ્પ યોજાશે જેમાં ૧૦,૮૪૯ સ્પેશ્યાલિસ્ટ કેમ્પ અને ૧,૩૦,૧૮૮ સ્ક્રીનીંગ કેમ્પ દ્વારા નાગરિકોને નિઃશુલ્ક આરોગ્ય સેવાઓનો લાભ અપાશે. ૧૭ સપ્ટેમ્બરે અમદાવાદના નરેન્દ્રમોદી સ્ટેડિયમ સહિત ૬૦૦ સ્થળે મેગા બ્લડ ડોનેશન કેમ્પનું પણ આયોજન થશે.જેમાં સુપર સ્પેશ્યાલીટી ડૉક્ટર જેવા કે હૃદય રોગ, કેન્સર અને કિડનીના નિષ્ણાંતો દ્વારા નાગરિકોને સ્વાસ્થ્ય સંબંધી સેવાઓનો લાભ અપાશે. આ ઉપરાંત રાજકોટ ખાતે પણ મહિલા અને બાળ કલ્યાણ વિભાગ મંત્રીશ્રીની ઉપસ્થિતિમાં એક મેગા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તેમજ મહિલા-બાળ કલ્યાણ વિભાગ દ્વારા તા. ૧૭ સપ્ટેમ્બરથી તા. ૦૨ ઓકટોબર, ૨૦૨૫ સુધી "સ્વસ્થ નારી, સશક્ત પરિવાર" અભિયાન ચલાવવામાં આવશે. મંત્રી શ્રીએ ઉમેર્યુ કે, આ અભિયાન અંતર્ગત આરોગ્ય વિભાગ દ્વારા સબ સેન્ટરથી લઈને મેડિકલ કોલેજ હોસ્પિટલ સુધી સ્ત્રીઓ અને બાળકો માટે જુદા ૧૪ જેટલા વિષયો સંબંધિત આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં આવશે. આ સેવાઓ માત્ર રોગ થયા પછીની સારવાર સુધી મર્યાદિત ન રહેતાં રોગ થતો અટકાવવા, આરોગ્ય સુધારવા અને રોગની સારવાર માટે પણ ઉપલબ્ધ કરવામાં આવશે. કંઇ કંઇ સેવાઓનો લાભ મળશે ? પૂર્વ પ્રસૂતિ અને પ્રસૂતા માતા સંબધિત સેવાઓ, રસીકરણ અને બાળ સ્વાસ્થ્ય સંબધિત સેવાઓ, કિશોરી સ્વાસ્થ્ય અંતર્ગત એનીમિયા અને માસિક સ્વચ્છતા સંબધિત સેવાઓ, ડાયાબિટીસ, બી.પી, જેવા બિન ચેપી રોગો , ઓરલ, સર્વાઈકલ અને બ્રેસ્ટ કેન્સરનું સ્ક્રીનિંગ અને સારવાર સંબધિત સેવાઓ, સિકલ સેલ રોગ માટેનું સ્ક્રીનિંગ અને સારવાર, ટીબી, માનસિક સ્વાસ્થય, આંખ, ENT સેવાઓ અને ડેન્ટલ સંબધિત સેવાઓ, મેદસ્વિતા જાગૃતિ, દેહ/અંગદાન જાગૃતિ, આયુષ સેવાઓને સાંકળીને જેરિયાટ્રિક (વયોવૃધ્ધ નાગરિકો માટે) કેર, આયુષ્યમાન ભારત અને વય વંદન કાર્ડ સંબધિત સેવાઓ, રક્તદાન શિબિરો અને જાગૃતિ વિગેરે જેવી સેવાઓ આપવામાં આવશે.

વડાપ્રધાનશ્રીના જન્મ દિવસ નિમિત્તે રાજ્યમાં અંદાજે કુલ ૧,૪૧,૦૩૭ જેટલા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં પેટા આરોગ્ય કેન્દ્ર-આયુષ્માન આરોગ્ય મંદિર દ્વારા ૧,૦૦,૮૫૪, પ્રાથામિક આરોગ્ય કેન્દ્ર દ્વારા ૨૦,૦૦૭, શહેરી પ્રાથામિક આરોગ્ય કેન્દ્ર દ્વારા ૫,૫૯૦, શહેરી આયુષ્માન આરોગ્ય મંદિર દ્વારા ૯,૯૭૧ અને સામુહિક આરોગ્ય કેન્દ્ર દ્વારા ૪,૬૧૫ જેટલા કેમ્પનો સમાવેશ થાય છેઆમ રાજ્યમાં ૧૦,૮૪૯ સ્પેશ્યાલિસ્ટ કેમ્પ અને ૧,૩૦,૧૮૮ સ્ક્રીનીંગ કેમ્પનું આયોજન કરીને નાગરિકોને નિઃશુલ્ક આરોગ્ય સેવાઓનો લાભ આપવામાં આવશે.

કયા ટેસ્ટ નિઃશુલ્ક કરાશે ? આ પખવાડીયા દરમ્યાન તમામ સરકારી આરોગ્ય સંસ્થાઓ ખાતે થનાર તમામ મેડિકલ કેમ્પમાં આરોગ્ય વિષયક સેવાઓ જેવી કે મેડિકલ ચેક-અપ, સ્ક્રીનિંગ, નિદાન, લેબોરેટરી ટેસ્ટ, ડાયગ્નોસ્ટિક ટેસ્ટ, રેડિયોલોજીકલ ટેસ્ટ જેવા કે એક્સ-રે, સોનોગ્રાફી, MRI સી.ટી. સ્કેન વગેરે નિઃશુલ્ક કરવામાં આવશે. વધુમાં ૧૫ દિવસના સમયગાળા દરમિયાન તબીબો દ્વારા કેમ્પમાં પ્રિસ્ક્રાઈબ કરેલા ટેસ્ટને પછીથી પણ નિયતસમયમર્યાદામાં વિનામૂલ્યે કરી આપવામાં આવશે.આ ઉપરાંત અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ સહિત રાજ્યમાં ૬૦૦ જેટલી જગ્યાએ મેગા બ્લડ ડોનેશન ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું છે.

આરોગ્ય સેવાના આ પખવાડિયામાં રાજ્યની પ્રત્યેક મહિલાઓ તેમના પરિવારજનો સહિત તમામ નાગરિકોને બહોળી માત્રામાં કેમ્પનો લાભ લેવા માટે આરોગ્ય મંત્રીશ્રીએ અનુરોધ કર્યો છે. -અખંડ ભારત

# જામનગરમાં ગીતા લોજનો ભાગ ધરાશાયી, અકસ્માત ટળ્યું



જામનગર શહેરના જૂના રેલવે સ્ટેશન પાસે આવેલી ગીતા લોજ બિલ્ડિંગનો એક જર્જરિત ભાગ આજે (૧૫ સપ્ટેમ્બર) અચાનક ધરાશાયી થતાં ભારે દોડધામ મચી ગઈ હતી. જોકે, સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.આ ઘટના બીજા માળે બની હતી, જ્યાં બિલ્ડિંગનો કેટલોક હિસ્સો એકાએક નીચે પડ્યો હતો. આ બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલી દુકાનોના સંચાલકોએ પરિસ્થિતિની ગંભીરતા જોતા તાત્કાલિક પોતાની દુકાનો બંધ કરી દીધી હતી.ઘટનાની જાણ થતાં જ જામનગર મહાનગરપાલિકાનું તંત્રમાં એસ્ટેટ અને ફાયર વિભાગની ટીમો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયું હતું. હાલમાં, બિલ્ડિંગનો હજુ પણ કેટલોક ભાગ જર્જરિત હોવાથી વધુ કોઈ દુર્ઘટના ન બને તે માટે આસપાસના વિસ્તારને કોર્ડન કરી લેવામાં આવ્યો છે. અને જર્જરિત ભાગને તોડી પાડવાની કામગીરી શરૂ કરે દેવાઈ છે.

# અંતિમ સંસ્કારમાં ફરી દુર્ઘટના, ૭ તણાયા; 3નાં મોત





જયપુરના ભીલવાડાના શાહપુરા પંચાયત સમિતિના ફૂલિયા કલા ગામમાં આજે સોમવારે (૧૫ સપ્ટેમ્બર) મોટી દુર્ઘટના સર્જાઈ હતી.જેમાં જયપુર માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામેલા સાત લોકોના અંતિમ સંસ્કારમાં આવેલા ગ્રામજનો અને પરિવારજનો ખારી નદીમાં નહાવા ગયા હતા. આ દરમિયાન ૭ લોકો નદીના પાણીના પ્રવાહમાં તણાયા હતા. જેમાં ૩ લોકોના મોત નીપજ્યા છે.

મળતી માહિતી મુજબ, જયપુરના શિવદાસપુરામાં ગત ૧૪ સપ્ટેમ્બરે એક કાર અકસ્માતમાં એક જ પરિવારના સાત લોકોના મોત નીપજ્યું હતા. જેમાં ફૂલિયા કલા ગામના અશોક વૈષ્ણવ, તેમની પત્ની સીમા દેવી, પુત્ર રોહિત સહિત કુલ સાત લોકોના મૃત્યુ થયા હતા. આજે સોમવારે સવારે મૃતકોના અંતિમ સંસ્કાર માટે ઘાનેશ્વર રોડ સ્થિત સ્મશાન ઘાટ લઈ ગયા હતા. અંતિમ સંસ્કાર પછી, પરિવાર અને ગ્રામજનો ખારી નદી પાસે નહાવા ગયા હતા. આ દરમિયાન વિજય પ્રતાપ સિંહ (ઉં.વ.૩૦), મુકેશ ગોસ્વામી (ઉં.વ.૨૫), મહેન્દ્ર માલી (ઉં.વ.૨૫), બરડી ચંદ (ઉં.વ.૩૪), મહેશ (ઉં.વ.૩૨), રાકેશ (ઉં.વ.૨૮) અને જીવરાજ (ઉં.વ.૩૦) નદીમાં ડૂબ્યા હતા. જેને લઈને ગ્રામજનોએ તાત્કાલિક રાકેશ, જીવરાજ, વિજય પ્રતાપ સિંહ અને મુકેશ ગોસ્વામીને બહાર કાઢીને હોસ્પિટલમાં લઈ ગયા હતા. તેમાંથી ત્રણને ગંભીર હાલતમાં શાહપુરા જિલ્લા હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા.

# "આ જગતમાં મૃત્યુ છે એટલે જ મૂલ્યોનું સર્જન થાય છે. દરેક મૂલ્યો જીવન જીવવાની શિખામણ આપે છે પરંતુ મોત ટાળી શકતા નથી"

(અંક નંબર ૪૫૬)

જીત નિશ્ચિત હોય તો, અર્જુન કોઈ પણ બની શકે છે સાહેબ.. પરંતુ મોત નિશ્ચિત હોય, તો અભિમન્યુ બનવા માટે સાહસ જોઈએ !!

જીવન-મરણ છે એક બહુ ભાગ્યવંત છું, તારી ઉપર મરું છું હું તેથી જીવંત છું.

ખુશ્બુ હજી છે બાકી જો સૂંઘી શકો મને, હું પાનખર નથી હું વીતેલી વસંત છું.

હદથી વધી જઈશ તો તરત જ મટી જઈશ, બિંદુની મધ્યમાં છું હું તેથી અનંત છું.

બન્ને દશામાં શોભું છું ઝુલ્ફોની જેમ હું, વીખરાયેલો કદી છું, કદી તંતોતંત છું.

મારા પ્રયાસ અંગે, ન આપો સમજ મને, બુધ્ધિનો જેમાં ભાગ નથી એવો ખંત છું,

રસ્તે પલાંઠી વાળીને બેઠો છું હું 'મરીઝ', ને આમ જોઈએ તો ન સાધુ ન સંત છું.

:- મરીઝ

મીત્રો, દરેક નું જીવન અસંખ્ય રંગો, લાગણીઓ, માંગણીઓ, સંબંધો, અનુભવો,પ્રયત્નો, વિવિધતાઓ, ફેરફારો, ઉતાર-ચઢાવ અને યાદોનું પ્રદર્શન છે.જયારે મૃત્યુ એક અંત છે, એક પૂર્ણવિરામ છે, એક અંત છે જે જીવનને વ્યાખ્યાયિત કરે છે, તેને સાર્થક બનાવે છે, મૂલ્યનું સર્જન કરે છે.દરેક ના જીવનમાં થી જો મૃત્યુને દૂર કરવાથી તમે અને હું બેકાર, મૂર્ખ અને અસંખ્ય વર્ષોથી અસ્તિત્વમાં રહેલા ખડકના ટુકડા જેવા બની જઈશું.માટે મિત્રો જો તમે જીવનનો આદર કરો છો તો મૃત્યુનો પણ આદર કરો.

બધાને ખબર છે કે "મરને કે બાદ જલને તક કા અહેસાસ નહિ હોતા" જીવનમાં સુખ, દુ:ખ અને પીડા સ્વાભાવિક છે, જેમ મૃત્યુ પછી વ્યક્તિને બળતરાનો અનુભવ થતો નથી પરંતુ જીવતે જીવ બધું જ થાય છે.આ વાક્ય જીવનના અનુભવો દર્શાવે છે, જેમાં મુશ્કેલીઓ અને પીડાનો સમાવેશ થાય છે, અને જો જીવનમાં કંઈજ અનુભવ ન થાય, તો સમજવું એ જીવન માત્ર મૃત્યુ જેવું જ છે.

જીવનની પ્રકૃતિ જણાવે છે કે તેમાં મુશ્કેલીઓ અને દુ:ખનો પણ સમાવેશ થાય છે. તે અનુભવોનું મૂલ્ય છે. કહે છે કે જે લોકો જીવનમાં સુખ અને દુ:ખનો અનુભવ કરે છે, તેઓ જ ખરેખર જીવે છે. મૃત્યુ પછી તો બધુંજ શાંત થઈ જાય છે, કોઈ લાગણી રહેતી નથી. આ એક રીતે જીવનની સક્રિયતાની વિરુદ્ધ છે, જ્યાં આપણને તમામ પ્રકારના અનુભવો થાય છે એજ સાચું જીવન પ્રેરણાદાયક અને આધ્યાત્મિક વિચાર કહે છે કે જીવનના તમામ સંજોગો સ્વીકારવા જોઈએ, કારણ કે આ બધું જીવનનો એક ભાગ છે.

જીવન તરફ દ્દષ્ટિ કરીશું તો ઘણાને એવી ખબર છે કે ભૂખ લાગે ત્યારે ખાવાનું જોઈએ છે. ટાઢ, તડકો અને વર્ષોથી બચવા વસ્ત્ર અને ઘર જોઈએ છે, પણ તેમને જ્ઞાન નથી કે જીવન આનાથી વિશેષ છે તેથી તેઓ આ સરહદથી આગળ જઈ શકતા નથી અને જેમનામાં જીવન વિશેનું સાચું જ્ઞાન છે તે પૂર્ણ મનુષ્ય બનવા, પુરુષોત્તમ બનવા લક્ષ તરફ ઉન્નતિ કરતા રહે છે. જીવન એક અપૂર્વતક છે. પોતાની જાતને વ્યક્ત કરવાની. જ્ઞાન દ્વારા નૂતન રેખાઓ દોરવાની, સ્નેહ દ્વારા સ્નેહ પામવાની, પ્રયત્નો કરવાની ને પુરુષાર્થ કરવાની. આ તક મનુષ્ય ઝડપી લે તો તે માનવી આત્મિક આનંદનો અનેરો અનુભવ જરૂર કરશે.

જીવન એટલે જન્મ અને મૃત્યુના બે બિંદુઓ વચ્ચેનો આયુષ્ય ખંડ આ સમયપટ એટલે પુરુષાર્થના અક્ષરો અંકિત કરવાની સોનેરી તક, જીવનનો અર્થ જ લક્ષ્ય છે. પછી તે લક્ષ્ય જ્ઞાન દ્વારા પ્રાપ્ત કરવાનું હોય, પુરુષાર્થના બળે મેળવવાનું હોય કે સેવાની સુગંધથી મહેકાવાનું હોય, પણ ગતિ તો કરવાની છે એ નિશ્ચિત છે. મનુષ્ય જીવન દુર્લભ છે, એ ઘણા અર્થમાં સાચું છે. માત્ર શ્વાસોચ્છશ્વાસ લેવા એ જીવનકાર્ય નથી. માત્ર અસ્તિત્વ ટકાવવું એ પણ જીવન નથી.

બીજાનો લોપ કરીને જીવવું એ પણ જીવન નથી. પ્રાણ તો ઈશ્વરે અનેક જીવોને આપ્યા છે અને એ બધાં જીવો એક યા બીજા પ્રકારની જીંદગી તો જીવે જ છે, જ્યારે મનુષ્ય જીવન દુર્લભ ગણાયું છે ત્યારે એ મૂજબ સાર્થક કરવું ખૂબ જરૂરી છે.

એને બદલે જો તમે મૃત્યુ વિશે જયારે વિચારો છો ત્યારે જીવન સાથેનો તમારો નાતો તૂટી જતો હોય છે. મૃત્યુને ભલે તમે બે હાથ



ખુલ્લા રાખીને મનોમન સ્વીકારી લીધું હોય, પણ મૃત્યુનો વિચાર તમને જીવનથી દૂર લઈ જાય છે. મૃત્યુનો ડર તમારા સબકોન્શ્યસ માઈન્ડમાં ઘૂસી ગયા પછી તમે તમારા ભવિષ્ય વિશે બિલકુલ અસલામત થઈ જાઓ છો. મૃત્યુને આઘે ઠેલવાના ઉપાયો શોધ્યા કરો છો. મૃત્યુની જે પળ હજુ સુધી આવી નથી એનો ઓછાયો તમારા વર્તન પર પડતો થઈ જાય છે અને તમે નિરાંતે, મુક્તમને જીવવાનું છોડી દો છો આ હકીકત છે.

માણસે પોતાના મૃત્યુની ચિંતા ન કરવી જોઈએ. ચિંતા કરીને એ કરશે શું? આમ છતાં મોટા ભાગના લોકો પોતાના મર્યા પછી આનું શું થશે ને તેનું શું થશે એવી ચિંતામાં જિંદગીમાં માણવા જેવાં વર્ષોને વેડફી નાખે છે. તમારા મૃત્યુ પછી જેનું જે થવાનું હોય તે થાય, તમને શું ફરક પડે છે? તમારા મૃત્યુ પછી તમારાં સંતાનો બીએમડબ્લ્યુમાં ફરે કે ભીખ માગે, તમને શું ફરક પડે છે? તમારા મૃત્યુ પછી લોકો તમારી પ્રતિમાને હારતોરા કરે કે તમારા વિશે એલફેલ બોલે, તમને શું ફરક પડે છે?

જેનું આવવું નિશ્ચિત છે પરંતુ ક્યારે આવશે ને ક્યારે નહીં તે નક્કી ન હોય અને જે અનિવાર્ય પણ હોય-આવવાનું તો ખરું જ, એના વિશે વિચારવાનું ન હોય, કારણ કે જ્યારે એને લગતી કોઈ પણ બાબત પર તમારો કાબૂ જ નથી તો એના વિશે ચિંતન કરવાનો શું અર્થ?

જીવનના અમુક પડાવો વટાવી દીધા બાદ માણસ અચૂક પોતાના મૃત્યુ વિશે ચિંતા સેવતો થઈ જાય છે. ચાળીસેકની ઉંમર સુધી મોટાભાગના લોકોને મૃત્યુ વિશે સહેજ પણ ચિંતા હોતી નથી. પચાસ પૂરાં કર્યાં પછી ધીમે ધીમે એ ચિંતા પ્રવેશતી જાય છે. સાઠની નજીક પહોંચવાની તૈયારીમાં હો ત્યારે એ ચિંતા ખૂબ વધી જાય છે. પાંસઠ, સિત્તેર કે પંચોતેરનો ગાળો 'હવે કેટલાં વર્ષ' એવું વિચારવામાં જાય છે. પંચોતેર પછી થતું હોય છે કે હવે કોઈ પણ વર્ષે, કોઈ પણ મહિને, કોઈ પણ દિવસે કે પછી આજે ને અત્યારે જ મોત આવી શકે છે.

"હા તકલીફો અને પરેશાનીઓ તો જિંદગીનો એક ભાગ છે. જો તે નહીં આવે તો માણસ જીવન જીવવા માટે તૈયાર કેમ થશે કારણ કે પરેશાની જ છે જે તમને જીવન જીવવાની સાચી રીત સમજાવે છે.જીવન જીવવું, પૂરેપૂરી વ્યસ્તતાથી જીવવું, ભરપૂર વ્યસ્તતાથી જીવવું એ જ પર્યાપ્ત છે. જેમ શ્વાસ લેવા માટે તમે અલગ સમય ફાળવતા નથી એમ ઈશ્વર સાથે સંબંધ બાંધવા માટે પણ અલગ સમય ફાળવવાની જરૂર નથી હોતી. જીવનનો હેતુ શોધવા માટે પણ અલગથી પ્રયત્ન કરવાની જરૂર નથી. જીવનનો હેતુ એક જ છે તમે જે કામ કરો છો તે કરતા રહો, કોઈ તમને આંગળી પકડીને તમારા જીવનના હેતુની ખોજ કરાવવાનું વચન આપે તો એવા ફ્રોડ લોકોથી બચતા રહેજો.".. રામે... રામ.

મેનેજિંગ તંત્રી



શ્રી બી.એસ પટેલ
અખંડ ભારત દૈનિક ન્યુઝ
ગાંધીનગર.ગુજરાત.

## હિમતનગર ખાતે સાબરકાંઠા-અરવલ્લી ઇંટર સ્કુલ કરાટે ચેમ્પીયનશીપનું આયોજન

નારાયણભાઈ પટેલ-

હિમતનગર ખાતે સાબર સ્ટેડીયમમાં હિમતનગર ખાતે સાબરકાંઠા-અરવલ્લી ઇંટર સ્કુલ કરાટે ચેમ્પીયનશીપનું આયોજન થયું હતું. જેમાં સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લાની શાળાઓએ ભાગ લીધો હતો.

જેમાં ૧૧ વર્ષનો 'દેવાંશ સોની' વિજેતા જાહેર થયો હતો. જે જલારામ વિદ્યાલય હિમતનગર ખાતે અભ્યાસ કરે છે. વિજેતા દેવાંશ ને એવોર્ડ જુજારસિંહ વાઘેલાએ અર્પણ કર્યો હતો.

આ પ્રસંગે સાબરકાંઠા જીલ્લા કલેકટરશ્રી લલિતનારાયણ સંદુ, પોલીસ અધિક્ષક શ્રી ડો.પાર્થરાજ સિંહ ગોહિલ,પટેલ જીલ્લા પંચાયત પ્રમુખ ભારતીબેન પટેલ, હિમતનગર નગરપાલિકા પ્રમુખ વિમલભાઈ ઉપાધ્યાય, સાબરસંઘ ના ડીરેક્ટર લલિત પટેલ, ભોલેશ્વર મહાદેવ ટ્રસ્ટના પ્રમુખ ગોપાલસિંહ રાઠોડ તથા સાબરકાંઠા જીલ્લા કરાટે એસોસીએશનના પ્રમુખ જુજારસિંહ વાઘેલા હાજર રહ્યા હતા.

-અખંડ ભારત




## લાખણી પંથકના ભાજપ - કોંગ્રેસના રાજકારણીઓની સાથે મળીને ગૌ- સેવા

અશોક ભાટી-



બનાસકાંઠા જિલ્લાના વાવ, થરાદ, ભાભર અને સુઈગામ સરહદી વિસ્તારમાં ૧૫ થી ૨૦ ઈંચ વરસાદ ખાબકતા પૂરની પરિસ્થિતિ સર્જાય છે જેને લઈને જીવન વ્યવસ્થા અસ્તવ્યસ્ત થઈ ગઈ છે. સરહદી વિસ્તારના ગામડાઓ બેટમાં ફેરવાઈ ગયા છે

જેના કારણે ખેડૂતો પશુપાલકો નિરાધાર બની ગયા છે ત્યારે પૂરગ્રસ્ત વિસ્તારમાં ગૌવંશ માટે ઘાસચારાની તંગી સર્જાઇ છે. પુરની પરિસ્થિતિ સર્જાતા લીલો અને સૂકો ઘાસચારો નષ્ટ થઈ ગયો છે. આવી પરિસ્થિતિ સામે ગૌવંશને નિભાવવા માટે લાખણી વિસ્તારના સેવાભાવી વ્યક્તિઓ દ્વારા લોકફાળો એકઠો કરી લીલા ઘાસચારાની ૫ ગાડીની વ્યવસ્થા કરીને જીવદયા પ્રેમીઓ આ સેવા કાર્યમાં મહેશભાઈ દવે, સુરેશભાઈ પટેલ, અજીતસિંહ વાઘેલા, રૂડસિંહ રાજપુત, બાબરાભાઈ પટેલ, જયેશભાઈ કરમટા, હેમરાજભાઈ કાગ, ધુડાભાઈ પટેલ, એન.ટી પટેલ સહિત સેવાભાવી ગ્રામજનો અગ્રણીઓ હાજર રહી ઘાસચારાની ગાડીઓનું પ્રસ્થાન કરાવ્યું હતું.— લાખણી પંથકના ભાજપ અને કોંગ્રેસના રાજકારણીઓ સાથે મળીને પુરગ્રસ્ત અબોલ પશુ ગૌમાતા માટે સેવાનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડ્યું હતું .શંકરાચાર્ય શ્રી મહારાજ અવિમુક્તેશ્વરાનદ સરસ્વતીજી મહારાજ ની પ્રેરણાથી લાખણી વિસ્તારનાં લોકોએ પણ પૂર્ણ સહકાર આપ્યો હતો.

-અખંડ ભારત

## 'મોદીસાહેબ' ના જન્મદિવસની અનોખી ઉજવણી - 'પુસ્તક પરબ'ને ૧૭૫ પુસ્તકોની ભેટ.

અશોક ભાટી-



ધાનેરામાં પુસ્તક પરબને એક વર્ષ પૂર્ણ થવા સાથે જ, દેશના લોકપ્રિય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના ૭૫મા જન્મદિવસની પ્રેરણાદાયક ઉજવણી કરવામાં આવી. આ શુભ પ્રસંગે ધાનેરાના માનવ સેવા સંગઠન દ્વારા પુસ્તક પરબને ૧૭૫ પુસ્તકો ભેટ આપીને જ્ઞાન અને શિક્ષણ પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં પુસ્તક પરબના સંચાલક દિનેશભાઈ ચૌહાણ અને તેમના સાથી મિત્રો વશરામભાઈ ચૌધરી, પ્રવીણભાઈ પટેલ, તરુણભાઈ પુરોહિત સાથે સાહિત્ય પ્રત્યે અપાર લાગણી ધરાવનાર માધવભાઈ, અને રાજેશભાઈની સરાહનીય કામગીરીને બિરદાવવામાં આવી. તેમની આ પહેલથી પુસ્તકપ્રેમીઓને ઉત્તમ અને પ્રેરણાદાયક પુસ્તકો સરળતાથી મળી રહે છે.

આ અવસરે માનવ સેવા સંગઠનના પ્રમુખ અનિલભાઈ રાઠોડ, મંત્રી વિપુલભાઈ ઠક્કર, ખજાનચી કાંતિભાઈ મહેશ્વરી અને ડૉ. યોગેશ શર્મા સહિત અન્ય તબીબોએ પણ પુસ્તક પરબની મુલાકાત લીધી હતી. આ પુસ્તકો સમાજમાં વાંચનનો પ્રસાર કરશે અને યુવાનોને શિક્ષણ માટે પ્રોત્સાહિત કરશે, જે વડાપ્રધાન મોદીના 'સેવા પખવાડા'ના વિચારને પણ સાર્થક કરે છે. આ પ્રસંગે ઉપસ્થિત સૌ મહાનુભાવો અને સેવાભાવી કાર્યકરોએ આ પહેલને આવકારી હતી.

-અખંડ ભારત

## 'ક્વોલિટી કાઉન્સિલ ઓફ ઇન્ડિયા' દ્વારા '૭૫' સરપંચોની પસંદગી

મિતેશકુમાર નાયી-

'ક્વોલિટી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા' દ્વારા કેન્દ્ર સ્તરે ભારતમાંથી ફક્ત '૭૫' સરપંચોની પસંદગી કરવામાં આવી છે,જેમાં સાબરકાંઠા જિલ્લામાંથી વડવાસાના સરપંચશ્રીની પસંદગી થવા પામી છે. આવો ઐતિહાસિક અવસર આપણા ગામ માટે ગૌરવની સાથે ખુશીની પળ છે.

આ કાર્યક્રમ દિલ્લીમાં યોજાશે, જેમાં ગામોની ગુણવત્તા સુધારવા અંગે ચર્ચા તથા તેનો ઉકેલ શોધવામાં આવશે.




વડવાસાના સરપંચશ્રી તમામ સરપંચોમાં સૌથી યુવા સરપંચ છે.

-અખંડ ભારત

## 'એકલવ્ય' સોસાયટી, ભોલેશ્વરની જનરલ સભા યોજાઈ

હિતેશ નિનામા-



એકલવ્ય કો. ઓ. હા. સોસાયટી ભોલેશ્વર હિંમતનગરની જનરલ સભા તેમજ વહીવટી ની મીટીંગ મળી હતી. તેમા સોસાયટીના પ્રમુખ શ્રીમતી વરૂણાબેન બકુલભાઈ અસારી અને મંત્રી શ્રી હિતેશભાઈ નિનામા એ એજન્ડા વાઈજ મીટિંગ ચાલુ કરી હતી. તેમા ઉપસ્થિત સોસાયટી ના કારોબારી સભ્યો, તેમજ સભ્યો હાજર રહ્યા હતા.

સોસાયટીની સ્થાપના કરનાર સ્વ. બજાત સાહેબને પણ યાદ કર્યા હતા મકાન નં.૪૭ ના માલિક સી. એમ. બલાત સાહેબ નિવૃત્ત કલેક્ટર, અને મકાન નં.૧૦ના માલિક એમ. એચ. પાંડોર સાહેબ, નિવૃત્ત ઈન્કમટેક્સ કમિશ્નર, તેમજ પૂર્વ પ્રમુખ- મંત્રી અને સોસાયટીના પ્રથમ પ્રમુખ એન એસ નિનામા સાહેબ, એન. ડી. જોષિયારા સાહેબ તેમજ મોટી સંખ્યામાં સભ્યો હાજર રહી સોસાયટીના કરેલ કામો થતા ચાલુ કામો અંગેની ચર્ચા કરવામાં આવી હતી. ચર્ચા ને અંતે સૌ સભ્યોના ચહેરા પર ખુશી દેખાતી હતી, કેટલાક સભ્યોએ એવું પણ કહેલ કે ખુબ સરસ મીટીંગ થઈ, તો કોઈકને એવું પણ કીધું કે કેટલાય સમય પછી આટલી મોટી સંખ્યા મળી છે.છેલ્લે મીટિંગમાં હાજર સભ્યોની આભાર વિધિ ઉપપ્રમુખ શ્રી આર. આર. જોષિયારા સાહેબે કરી મીટીંગ પૂરી હતી.

-અખંડ ભારત

## માણેકપુર સ્વામિનારાયણ મંદિરમાં 'ધૂન- અન્નકૂટ દર્શન' કાર્યક્રમ યોજાયો



ભરતકુમાર ચૌધરી-

માણસા તાલુકાના માણેકપુર ગામે સ્વામિનારાયણ મંદિરમાં પૂ. અ. નિ. કરસનદાસજી સ્વામીની પુણ્યતિથિ નિમિત્તે ૧૨ કલાકની સ્વામિનારાયણ મહામંત્રની ધૂન તેમજ અન્નકૂટ દર્શન નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે અમદાવાદ કાલુપુર સ્વામિનારાયણ મંદિરના મહંત પૂ. પુરુષોત્તમ પ્રકાશ જી સ્વામી સંત મંડળ સાથે ઉપસ્થિત રહ્યા હતા.

-અખંડ ભારત

## ઝઘડિયા 'એ.પી.એમ.સી.' ખાતે તાલુકા 'ભારતીય જનતા પાર્ટી'ના હોદ્દેદારોની બેઠક યોજાઈ

મુનાફ શેખ-



ભરૂચ જિલ્લાના ઝઘડિયા મુકામે એપીએમસી ખાતે ગતરોજ તા.૧૩ મીના રોજ તાલુકા ભારતીય જનતા પાર્ટીના હોદ્દેદારોની બેઠક યોજાઇ હતી. માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસની ઉજવણી અંતર્ગત યોજાનારા કાર્યક્રમોને અનુલક્ષીને આ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

૧૭ સપ્ટેમ્બરથી ૨ ઓક્ટોબર સુધી ઝઘડિયા તાલુકા ભારતીય જનતા પાર્ટી દ્વારા વિવિધ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવનાર છે. જેમાં તા.૧૭ મી સપ્ટેમ્બરના રોજ મોદી સાહેબના જન્મદિવસ નિમિત્તે શિવ મંદિરમાં પૂજા કરવાનો કાર્યક્રમ, ત્યારબાદ નર્મદા નદીના કિનારે અથવા કોઈ ધાર્મિક સ્થળે કે અન્ય કોઈ સારા સ્થળ પર 'સ્વચ્છતા અભિયાન'નો કાર્યક્રમ કરવો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર' તેમજ સામુહિક આરોગ્ય કેન્દ્ર' જેવા સ્થળોએ 'મેડિકલ કેમ્પ'ના આયોજન કરવા,

હોસ્પિટલમાં ગરીબ દર્દીઓને ફ્રુટ વિતરણ તેમજ તાલુકાના દરેક બૂથ પર 'વૃક્ષારોપણ' કરવું જેવા કાર્યક્રમોનું આયોજન કરવા બાબતે બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી.

ઝઘડિયા તાલુકા ભાજપાના પ્રભારી જનકભાઈ શાહના અધ્યક્ષસ્થાને યોજાયેલ આ બેઠકમાં તાલુકા ભાજપા પ્રમુખ સંદીપભાઈ, મહામંત્રીઓ વિનોદભાઇ વસાવા તથા વિક્રમસિંહ રાજ, ઉપપ્રમુખ નિલેશભાઇ સોલંકી,યુવા અગ્રણી દિનેશભાઇ વસાવા,ઝઘડિયા તાલુકા પંચાયત પ્રમુખ જયેન્દ્ર વસાવા તેમજ અગ્રણીઓ ભુપેન્દ્રસિંહ રાઠોડ, ધર્મેન્દ્રસિંહ માટીએડા, મહેશભાઇ પાટણવાડીયા, નરેન્દ્રસિંહ (નિલુભાઇ) પરમાર,તાલુકા પંચાયત સદસ્ય વિશાલ પટેલ સહિત અન્ય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

-અખંડ ભારત

## તળાજા શહેર 'કોમ્યુનિટી હોલ' ખાતે કાર્યશાળાનું આયોજન

કોતર મનુભાઈ-



યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના જન્મદિવસ નિમિત્તે 'સેવા પખવાડિયા' અંતર્ગત તળાજા શહેર કોમ્યુનિટી હોલ ખાતે તળાજા તાલુકા-શહેર મંડળ કાર્યશાળાનું આયોજન થયું હતું. જિલ્લા અધ્યક્ષ શ્રી દિગ્વિજયસિંહ ગોહિલ તથા ધારાસભ્ય શ્રી ગૌતમભાઈ ચૌહાણ તેમજ જિલ્લા સહ ઈન્ચાર્જ શ્રી ગોપાલભાઈ વાઘેલાની પ્રેરક ઉપસ્થિતિમાં કાર્યકર્તાઓને માર્ગદર્શન અપાયું હતું.

કાર્યશાળામાં જિલ્લા હોદ્દેદારો, મોરચા હોદ્દેદારો, પંચાયત પ્રતિનિધિઓ, નગરપાલિકાના સભ્યો, બૂથ પ્રમુખો, સંયોજકો તથા અનેક આગેવાનો-કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. સેવા પખવાડિયા દરમિયાન વધુમાં વધુ લોકકલ્યાણકારી કાર્યક્રમો સફળ બનાવવા સૌને પ્રેરણા મળી હતી.

-અખંડ ભારત

## શત્રુડા ગામમાં રોડ બનાવવા બાબતે કોન્ટ્રાક્ટરનું કામ શંકાસ્પદ





નરેશકુમાર ડાભી-

મહેમદાવાદ તાલુકાના ધારાસભ્ય શ્રી અર્જુનસિંહ ચૌહાણ સાહેબના હાથે શત્રુડા ગામમાં સારા એવા વિકાસ ના કામો કરવામાં આવ્યા છે, પણ ડામર રોડ ઉપર કોન્ટ્રાક્ટર દ્વારા ભ્રષ્ટાચાર કરવામાં આવી રહ્યો હોય એવું લાગે છે.

શત્રુડા ગામથી નિશાડ જવાના રસ્તા ઉપર આર.સી.સી. બનાવવાનો બાકી મુકેલ છે. સરપંચ ના ઘર તરફ જવાના રસ્તા ઉપર ગરનાળું ઉલડી પડેલ છે, શત્રુડા પાટીયાથી ગામ માં આવવાના રોડ ઉપર ગરનાળું દબાઈ ગયેલ છે, આ કોન્ટ્રાક્ટર સાથે વાતચીત કરી તાત્કાલિક આર સી સી રોડ નુ કામ પુર્ણ કરવામાં આવે તેવી માંગ છે.

-અખંડ ભારત

## બોરસદ ચોકડી પાસેના દબાણોને પુનઃ દુર કરાયા





મેહુલ પંચોલી-

આણંદની બોરસદ ચોકડી પાસે આવેલ ખાડામાં આવેલ દબાણો આશરે ૬ મહિના પહેલા હટાવ્યા હતા, પરંતુ લોકો ત્યાં આવી પુનઃ વસવાટ કરવા લાગ્યા હતા, ત્યારે તંત્ર દ્વારા પુનઃ સ્થાપિત દબાણો ને દૂર કરવામાં આવ્યા હતા.

-અખંડ ભારત

## 'સાનવી' નો કરાટે ચેમ્પિયનશિપમાં ગૌરવપૂર્ણ વિજય

સંજીવકુમાર શર્મા-

હિંમતનગરના સાબર સ્ટેડિયમ ખાતે યોજાયેલી 'અરવલ્લી ઇન્ટર-સ્કૂલ કરાટે ચેમ્પિયનશિપ' ટુર્નામેન્ટમાં વેરાબર ગામની દિકરી 'સાનવી' કપિલભાઈ નાઈ એ શ્રેષ્ઠ પ્રદર્શન કરીને 'ગોલ્ડ મેડલ' જીત્યો છે. હિંમતનગર નગરપાલિકાના પ્રમુખશ્રી વિમલભાઈ ઉપાધ્યાય ગોપાલસિંહ રાઠોડ પ્રકાશભાઈ વૈદ તમામ મહાનુભાવોએ ગોલ્ડ મેડલ એનાયત કર્યો હતો

સાનવીબેનની આ સિદ્ધિ પિતૃગામ વેરાબર માટે, પણ સમગ્ર ઈડર .૪૨ લિંબચીયા નાઈ સમાજ અને સમસ્ત નાઈ પરિવારમાં ગૌરવનો ક્ષણ છે. કઠોર મહેનત, સમર્પણ અને દ્રઢ નિશ્ચય દ્વારા પ્રાપ્ત કરેલા આ વિજય બદલ સમગ્ર સમાજમાંથી તેમને અભિનંદન મળી રહ્યા છે.સાનવીબેને પોતાના ઉત્કૃષ્ટ અભ્યાસ સાથે શારીરિક ક્ષમતા અને કરાટેની તાલીમમાં પોતાનું નામ બનાવ્યું છે. આવનારા સમયમાં પણ તેમને વધુ સફળતા મળે તેવી શુભેચ્છાઓ પાઠવવામાં આવે છે.




-અખંડ ભારત

## બીલીમોરા ખાતે 'નમો' શેરી ગરબા હરીફાઈનું આયોજન

કુંજ પરમાર-

નવસારી જિલ્લા ના બીલીમોરામાં 'નમો' શેરીગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું . ગરબા હરીફાઈમાં જીલ્લા ના ધારાસભ્યશ્રી નરેશભાઈ પટેલે સાહેબ, પ્રમુખશ્રી ભુરાભાઈ શાહ રાકેશભાઈ દેસાઈ,ઉપસ્થિત રહી આનંદની લાગણી અનુભવી હતી.

આ પ્રસંગે અંબાજીથી ઉમરગામ સુધીના વિવિધ પ્રકારના ગરબા સ્પર્ધાનું સુંદર




આયોજન સહુએ આનંદથી ઉલ્લાસથી ભાગ લીધો હતો સહુ આયોજકમંડળ, સ્પર્ધકો તથા ઉપસ્થિત શ્રદ્ધાળુઓ એ હાર્દિક શુભકામનાઓ સાથે આશિર્વાદ આપ્યા હતા. સંસ્કૃતિ,જુની પરંપરા અને ભક્તિ ભાવના સતત ફૂલીફાલી રહે તેમાંટે અભિનંદન આપ્યા હતા.

-અખંડ ભારત

## નવસારી - ડાંગ જિલ્લામાં 'લોક અદાલત' યોજાઇ ૧૦૯૩૭' કેસોનો નિકાલ

કુંજ પરમાર-

રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળના નેજા હેઠળ તથા ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદ અને જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ જિલ્લા ન્યાયાધીશ શ્રી પી.જે. તમાકુવાલાની અધ્યક્ષતા હેઠળ તા.૧૩/૦૯/૨૦૨૫ ના રોજ નવસારી, ગણદેવી, ચીખલી, ખેરગામ, વાંસદા તથા ડાંગ જિલ્લાના આહવા, વઘઇ તથા સુબીર ખાતે વકીલ બાર એસોસિએશનના સહયોગથી લોકઅદાલત યોજાઈ હતી.

જેમાં તમામ પ્રકારના સિવિલ, ક્રિમિનલ, ભરણપોષણ, ચેક રીટર્નના, જમીન સંપાદનના કેસો, ઇ-મેમો, કૌટુંબિક તકરાર, બેંક મેટર્સ તથા એમ.એ.સી.પી. વિગેરેકક્ષાના કેસોની લોક અદાલતમાં આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં પ્રિ-લીટીગેશન લોક અદાલતમાં ૬૩૯૨, લોક અદાલતમાં ૫૬૩ તથા સ્પેશીયલ સીટીંગમાં ૩૯૮૨ મળી કુલ ૧૦૯૩૭ કેસોનો લોક અદાલતમાં નિકાલ કરવામાં આવ્યો છે.

લોકો દ્વારા ચાલતી અદાલત એટલે લોકઅદાલત.આ લોક અદાલતોમાં પક્ષકારોને ઝડપી, ઓછા ખર્ચે ન્યાય મળે છે અને પક્ષકારોના એકબીજાના સમાધાનથી તકરારનો સુખદ અંત આવે તેવો પ્રયત્ન કરવામાં આવે છે. તેમ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, નવસારી દ્વારા જણાવાયું છે.

-અખંડ ભારત

## જાફરાબાદના ગ્રામ્ય વિસ્તારોમાં ધોધમાર વરસાદ - 'સાગર ખેડુ' ને બહુ મોટું નુકશાન

જયેશભાઈ એન. બારૈયા-



અમરેલી જિલ્લાના જાફરાબાદ શહેર સહિત વિસ્તારોમાં ધોધમાર વરસાદ ના કારણે બંદર કાંઠા વિસ્તારમાં જાફરાબાદ સાગર ખેડુને બહુ મોટું નુકસાન થયેલ છે.

જાફરાબાદ શહેર સહિત ગ્રામ્ય વિસ્તારમાં ધોધમાર વરસાદ સાથે વીજળીના કડાકા ભડાકા સાથે પવનના સુસવાટા સાથે ધોધમાર વરસાદી માહોલ જામ્યો હતો . જાફરાબાદ કોસટલ વિસ્તારોમાં, જાફરાબાદ શહેર તેમજ આજુબાજુના ગામોમાં ધોધમાર વરસાદના કારણે જાફરાબાદ સાગર ખેડુને કરોડોનું નુકસાન થયું છે. તેવું 'ખારવા સમાજબોટ' એસોસિએશનના પ્રમુખ કનૈયાલાલ સોલંકી દ્વારા જણાવવામાં આવેલ છે.

-અખંડ ભારત

## નસવાડી તાલુકાની 'રેશનિંગ દુકાનો' ની 'લાલીયાવાડી'





ચિરાગ ગુપ્તા-

નસવાડી તાલુકા ની '૪૨ રેશનિંગ દુકાનોમાં પહેલી વાર 'ગરીબ રેશનકાર્ડ' ગ્રાહકોને ચોખા ઘટાડી જુવાર અપાતી હોય અને જુવાર ની ગુણવતા પર પ્રશ્નો ઉઠ્યા છે. આ જુવાર કેટલીક સડેલી, ધનેરીય ના ડંખ મારેલી ગુણવતા વગર ની અપાય છે આના કારણે ગરીબ રેશનકાર્ડ ગ્રાહકોમાં રોષ વ્યાપ્યો હતો. આદિવાસી વિસ્તારમાં મકાઈ ખાનારા રેશનકાર્ડ ગ્રાહકને પહેલી વાર જુવાર અપાઈ હતી.નસવાડી 'સરકારી ગોડાઉન' થી આવેલ અનાજ સંચાલકો વિતરણ કરતા હોય તો તેઓ પણ શું કરે ? જે ક્વોલિટીનું અનાજ આવે તે વિતરણ કરી રહ્યા છે.આવી જુવાર દળાઈને એના લોટ ની રોટલી કેવી બનશે ? તેના ઉપર પ્રશ્નો ઉઠ્યા છે સરકાર સારુ અનાજ આપે તેવી માંગ ઉઠી છે, અને આ લાલીયાવાડી બંધ થાય એ દિશામાં વિચારવું જોઈએ.

-અખંડ ભારત

## મહેમદાવાદ તાલુકાના જાળીયા ગામે 'સાંસ્કૃતિક લોકડાયરો' યોજાયા

શામળભાઈ-

ખેડા જીલ્લાના મહેમદાવાદ તાલુકાના જાળીયા ગામે આશાપુરા માતાજીના ચોકમાં 'ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી' ગાંધીનગરના આર્થિક સહયોગથી 'નવતેજ કસૂંબલ ગૃપ દ્વારા 'સાંસ્કૃતિક લોકડાયરો' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં વાંટા બાળશ્રી ગણેશ યુવક મંડળ દ્વારા ઉપસ્થિત



કલાકારોનું સન્માન કરવામાં આવ્યું હતું. દેશભક્તિ ગીત, શૌર્ય ગીતો સાથે લોકગીતો જાણીતા નામાંકિત કલાકારો નગીનભાઈ બારોટ. રમેશભાઈ બારોટ, ગુલાબસિહ ચૌહાણ, યુવા કલાકાર મહીપતસિહ ચૌહાણ તથા ભલાભાઈ પરમાર, નટુભાઈ બારોટ, રાજુભાઈ સોલંકી વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત ગ્રામજનોને ડાયરા ની મૌજ કરાવી હતી.

આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન એન. સી ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું હતું.

-અખંડ ભારત

# ભરૂચ દૂધધારા ડેરી ચુંટણી માં વાગરા ધારાસભ્ય અરૂણસિંહ રાણા ની પેનલના ૬ ઉમેદવારો સસ્પેન્ડ




મહેન્દ્રસિંહ ગોહિલ-ભરૂચ દૂધધારા ડેરીની ચૂંટણીમાં ભાજપ સામે બળવો કરનાર વાગરા સ્ન્છ ની પેનલના છ ઉમેદવારો સામે ભારતીય જનતા પાર્ટી ના મોવડી ઓ એ લાલ આંખ કરી છે ભરૂચ દૂધ ધારા ડેરીના ચૂંટણીમાં ભાજપના મેન્ડેડ વિરુદ્ધ જય બળવો કરનાર વાગરા ના ધારાસભ્ય અરૂણસિંહ રાણા ની પેનલ ના ઉમેદવારો પર પક્ષે મેન્ડેડ નો અનાદરનો કોરડો વિજયો છે ભાજપના મેન્ડેડ વિરોધ ઉમેદવારી કરનાર ૬ સભ્યો ની પક્ષમાંથી બરતફ કરવામાં આવ્યા છે ભરૂચ દૂધધારા ડેરીની ચૂંટણી પહેલા જિલ્લા ભાજપમાં મોટો ભડકો થયો છે વાગરા ના ધારાસભ્ય અરૂણસિંહ રાણા ની સહકાર વિકાસ પેનલ ના ૬ ઉમેદવાર પક્ષ વિરોધી પ્રવૃતિ બદલ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી આર પાટીલના મેન્ડેડ વિરોધ ઉમેદવારિ નોંધાવવા બદલ આ કાર્યવાહી કરવામાં આવી છે. સસ્પેન્ડ થયેલા ઉમેદવારોમાં સાયખા ના હેમંતસિંહ રાજ જંબુસરના જગદીશ પટેલ કાવીઠા ના જીગ્નેશ પટેલ જંબુસરના નટવરસિંહ પરમાર હાસોટના શાંતાબેન પટેલ અને હાસોટના જ વિનોદ પટેલ નો સમાવેશ થાય છે-અખંડ ભારત

# વઘઇ કે.વી.કે ખાતે પ્રાકૃતિક ખેતી અંગેની તાલીમ યોજાઇ



ઘિસારામ ચૌધરી-ડાંગ જિલ્લામાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવા માટે પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ ડાંગ દ્વારા જિલ્લાના નોન મિશન ક્લસ્ટરના ખેડૂતો માટે વઘઈ કે.વી.કે ખાતે પ્રાકૃતિક કૃષિ અંગેની તાલીમ યોજાઈ હતી. વઘઈ ખાતે યોજાયેલ આ તાલીમમાં પ્રાકૃતિક કૃષિના પાંચ આયોમો જેવા કે, જીવામૃતઘન જીવામૃતનિમાસ્ત્રબ્રાહ્માસ્ત્ર વિગેરે વિશે સમજણ આપી જીવામૃત કેવી રીતના તૈયાર કરી શકાય તે અંગેનો ડેમો બતાવવામાં આવ્યો હતો. આ તાલીમમાં આત્મા પ્રોજેક્ટ ડાયરેક્ટર શ્રી સંજય ભગારીયા, કે.વી.કે વડાશ્રી ડો. જીગ્નેશ ડોબરીયા ડો.જાવ્યા પ્રતીક, ડિસ્ટ્રિક્ટ પ્રોજેક્ટ મેનેજર શ્રી પ્રવીણભાઈ ભોયે, તાલુકા પ્રોજેક્ટ મેનેજર શ્રી નયનેશભાઈ ભોયે સહિત જિલ્લાના ૧૬૦ થી વધારે ખેડૂતો ઉપસ્થિત રહ્યાં હતા -અખંડ ભારત

# રાપર મામલતદારને આવેદનપત્ર અપાયું



સુરેશ ચૌહાણ - રાપર તાલુકા અનુસૂચિત જાતિ સામુદાયિક ખેતી સરહકારી મંડળી લિમિટેડ દ્વારા રાપર મામલતદાર કચેરી ખાતે આવેદનપત્ર આપવામાં આવેલ જેમાં મંડળી ના સભાસદો એ જણાવેલ કે હાલમાં રાપર તાલુકામાં આવેલ કુદરતી આફતમાં રાપર તાલુકાની મંડળીની તાલુકાના ૩૨ ગામોની જમીનોમાં પાક નુકસાની થયેલ છે,સાથે બંધપાળા તૂટી ગયેલ છે અને મોટે પાયે જમીનોનું ધોવાણ થયેલ છે જે બાબતે મુખ્યમંત્રીશ્રીને સંબોધીને લખેલા આવેદન પત્રમાં માંગણી કરવામાં આવેલ હતી કે આ નુકશાન થયેલ જમીનો અને પાકની નુકસાની અંગે સર્વે કરી ખાસ પેકેજ બહાર પાડી અને આર્થિક સહાય પૂરી પાડવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે. -અખંડ ભારત

# દિયોદરમાંથી ત્રણ લાખથી વધુનો દારૂ ઝડપાયો



લીમ્બાચીયા શંભુભાઈ-દિયોદર પોલીસ સ્ટેશનના ટાઉન વિસ્તાર માંથી ભારતીય બનાવટના વિદેશી દારૂ/બિયરની બોટલ નંગ- ૧૧૭૬ કિ.રૂ.૩,૦૨,૫૨૦/- નો મુદામાલ તથા મોબાઈલ કિ.રૂ.૩,૦૦૦/- તથા સ્વિફ્ટ ડીઝાયર ગાડી કિ.રૂા.૩,૦૦,૦૦૦/-એમ મળી કુલ્લે કિ.રૂા.૬,૦૫,૫૨૦/- મુદામાલ સાથે પોલીસે પરેશભાઈ લીલાભાઈ રબારી રહે.રબારી વાસ,દિયોદર તા.દિયોદરની અટકાયત કરી આગળની કાર્યાવાહી પોલીસે હાથ ધરી હોવાનું જાણવા મળેલ છે.-અખંડ ભારત

# અરવલ્લી જિલ્લાના બે આચાર્યોને પ્રકૃતિ મિત્ર પુરસ્કારથી સન્માનિત કરાયા





નરેશ પ્રજાપતિ-શ્રી કિશનચંદ ટેકચંદ પરિવાર, ખેડબ્રહ્મા તથા પ્રકૃતિ મિત્ર ગ્રુપ ગુજરાત અને રિહેન એચ.મહેતા વિદ્યાલય, માંકડી ના સંયુક્ત ઉપક્રમે પ્રકૃતિ મિત્ર એવોર્ડ ૨૦૨૫ નું આયોજન તારીખ ૧૫ સપ્ટેમ્બર ના રોજ શ્રી ગાયત્રી તીર્થ ,અંબાજી ખાતે કરવામાં આવ્યું હતું.. જેમાં ભિલોડા તાલુકા આચાર્ય સંઘના પ્રમુખ અને કુડોલ કાગડા મહુડાના આચાર્યશ્રી કમલેશભાઈ પટેલ અને મોડાસા તાલુકા આચાર્ય સંઘના પ્રમુખ અને ભારતીય વિદ્યા મંદિર દાવલી ના આચાર્યશ્રી નરેશભાઈ પ્રજાપતિને પ્રકૃતિ રક્ષણ માટેની નિષ્ઠા પૂર્વકની કામગીરી બદલ સન્માનિત કરતાં પ્રકૃતિ પ્રેમીઓમાં ખુશી નો માહોલ જોવા મળ્યો હતો.-અખંડ ભારત

# હાલોલના ગ્રામ્યમાં આપની જનસભા યોજાઈ



બારિયા અલ્પેશભાઈ - પંચમહાલ જિલ્લાના હાલોલ વિધાનસભા ના તલાવડી જિલ્લા પંચાયતમાં વિસ્તારમાં આયોજીત જન સમર્થન જનસભામાં સભાને સંબોધતા કહેવામાં આવ્યું હતું કે આ સરકાર દ્વારા ૧૫ વર્ષથી જુના વાહનો પર પ્રતિબંધ લગાવી રહ્યા છે તો આપણું વિસ્તારમાં આવેલી ૪૦ વર્ષથી ચાલતી કેમિકલ કંપની બંધ કરવામાં કેમ નથી કરવામાં આવતી અને આ ચાલુ સરકારના નેતાઓ કેમ આગળ આવતા નથી એવી વાત લઈને ચાલુ સરકાર પર આખરી ટીકાઓ કરી હતી.તેમજ ભાજપની ભ્રષ્ટ સરકારથી ત્રસ્ત થી આ વિસ્તારમાં આગેવાનો અને અનેક લોકો આમ આદમી પાર્ટીમાં ટોપી અને ખેસ પહેરીને જોડાયા હતા.-અખંડ ભારત

# બ્રિટિશ પાર્લામેન્ટમાં સન્માનિત કરાયા



ડો અશ્વિન ત્રિવેદી-ગાંધીનગરના એડવોકેટ એન સ્પેશ્યલ પબ્લિક પ્રોસિક્યુટર ને વર્લ્ડ બુક ઓફ રેકોર્ડિંગ લંડન દ્વારા બ્રિટિશ પાર્લામેન્ટ હઉસ ઓફ કોમન માં.લોર્ડ રેમી રેન્જર એમીનન્સ ના હસ્તે સર્ટિફિકેટ એનાયત કરવામાં આવેલ જેમાં મહેન્દ્રસિંહ જાડેજા જી રાજેશ ગુરુજી અને સંતોષ શુક્લાજી હાજર રહેલ છેલ્લા ૩૦ વર્ષ ની કાયદાની શક્તિ.જ્ઞાન અને સમાજ ના સર્વાંગી વિકાસ આધ્યાત્મિક માર્ગદર્શન અને વ્યક્તિઓ ના સમૂહ ને અપૂર્વે સફળતા અપાવા બદલ સન્માન કરર્વમાં આવેલ છે બ્રિટિશ પાર્લામેન્ટ ખાતે પ્રથમ વખત આ રીતે સન્માનિત કરવામાં આવતા બાર કાઉન્સિલ અને અગ્રણીઓએ શુભેચ્છા સહ અભિનંદન પાઠવ્યા હતા.-અખંડ ભારત

# ખલાલ થી અપ્રુજી ના રોડની હાલત ખખડધજ



રણજીત સોલંકી-ખેડા જિલ્લા ના કઠલાલ તાલુકા ના ખલાલ થી ચેલાવત અપ્રુજી ચરેડ , કાકારખાડ, સુરાવત, રવદાવત,ડોડીયાકુઇ,નારપુરા તથા મડાદરા જેવા વગેરે ગામોને જોડતો મુખ્ય માર્ગ ખખડધજ બની જતાં આ માર્ગને લઈને આ રસ્તે થી પસાર થતાં વાહન ચાલકો અને રાહદારીઓ મુશ્કેલીનો સામનો કરી રહ્યા હોઈ તાકીદે મરામત કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.-અખંડ ભારત

# છોટાઉદેપુર ખાતે જનસભા યોજાઈ



ચિરાગ ગુપ્તા - છોટાઉદેપુર આમ આદમી પાર્ટીના ગુજરાત જોડો અભિયાન અંતર્ગત ભીલપુર, છોટાઉદેપુર ખાતે જનસભા યોજાતા પાર્ટીના સંગઠનના હોદ્દેદારો,આગેવાની ઉપસ્થિતીમાં ભાજપની ભ્રષ્ટ સરકારથી ત્રસ્ત અનેક લોકો આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા.-અખંડ ભારત

# વૃંદાવન વૃદ્ધાશ્રમમાં ભોજન અપાયું



સુનિલ પટેલ-માણસા તાલુકાના વરસોડામાં આજરોજ ડ્રીમ ફાઉન્ડેશન દ્વારા દાતાશ્રી ચૌધરી કામિનીબેન આનંદકુમાર હાલ ઓસ્ટ્રેલિયા ની ૧૦ મી એનિવર્સરી ના ભાગરૂપે વરસોડા ખાતે આવેલા વૃંદાવન વૃદ્ધાશ્રમમાં વૃદ્ધોને સાંજનું ફુલ પંજાબી ભોજન પીરસવામાં આવ્યું હતું - અખંડ બારત

# ભરૂચમાં આવેદનપત્ર અપાયું



રાજન ભાઈ ગાંવિત-અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ભરૂચ જિલ્લાના અધ્યક્ષશ્રી પુષ્પરાજસિંહ, મહામંત્રી કમલેશભાઈ, તાલુકા અધ્યક્ષશ્રી રાજન ગાંવિત,સંગઠન મંત્રી અંકિત પટેલ, કાર્યકરી અધ્યક્ષશ્રી નિલેશભાઈ, કોષાધ્યક્ષ સુનિલ પટેલ જેવા જવાબદાર કાર્યકરો દ્વારા ટેટ સંબંધિત સુપ્રીમ કોર્ટના ચુકાદાથી પ્રભાવિત થનાર શિક્ષકોની સેવા—સુરક્ષા માટે પ્રધાનમંત્રીને હસ્તક્ષેપ કરવા આજરોજ (૧૫ સપ્ટેમ્બર) ભરૂચ જિલ્લા કલેકટરશ્રી સાહેબ મારફત આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.-અખંડ ભારત

# વડોદરામાં રીક્ષા ચાલકોને ટ્રેનિગ અપાઈ



કુંતલભાઈ ચોકસી - વડોદરા શહેર જીલ્લા રીક્ષા ચાલક યુનિયન દ્વારા ૧૦૮ ની પ્રાથમિક સારવાર બાબતની ટ્રેનીગ નો કેમ્પ તા.૧૪/૦૯/૨૦૨૫ ના રવિવાર ના રોજ સવારે ૧૦:૦૦ થી ૧૨:૦૦ કલાક સુધી માં ભાઈલાલ અમીન હોસ્પિટલ, એલેમ્બિક કંપની સામે,ગોરવા,વડોદરા ખાતે રાખવામાં આવ્યો હતો .જેમાં ઓટો રીક્ષા ચાલકોએ અકસ્માત અને ગંભીર પરિસ્થિતિમાં ઈજાગ્રસ્તને કેવી રીતે પ્રાથમિક સારવાર આપવી તેની ટ્રેનિંગ (તાલીમ) આપવામાં આવી હતી.-અખંડ ભારત

# દાંતીવાડા ડેમમાં પાણીની આવક નોધાઈ



ભરતસિંહ રાજપૂત - બનાસકાંઠા જિલ્લામાં આવેલ દાંતીવાડા ડેમમાં પાણી ની સપાટી વધતાં તંત્ર દ્વારા રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે ડેમની ક્ષમતાના ૯૦ ટકા જેટલું પાણી ભરાઇ ગયું છે જયારે હાલ ની પાણીની સપાટી ૬૦૦ ફૂટ પહોંચી ગઈ હોવાનું જાણવા મળેલ છે.-અખંડ ભારત

# જાફરાબાદ ના ગ્રામ્ય વિસ્તારોમાં ધોધમાર વરસાદ



જયેશભાઈ એન. બારૈયા - અમરેલીના જાફરાબાદ શહેર સહિત ગ્રામ્ય વિસ્તારમાં ધોધમાર વરસાદ સાથે વીજળીના કડાકા ભડાકા સાથે પવનના સુસવાટા સાથે ધોધમાર થતાં શહેર તેમજ આજુબાજુના ગામોમાં વરસાદ ના કારણે સાગર ખેડુને મોટું નુકસાન થયું છે તેવું ખારવા સમાજબોટ એસોસન ના પ્રમુખ કનૈયાલાલ સોલંકી દ્વારા જણાવવામાં આવેલ છે.-અખંડ ભારત

# પશુ તસ્કરીના ગુનામાં નાસતો ફરતો આરોપી ઝડપાયો

મુનાફ શેખ-ભરૂચ લોકલ ક્રાઇમ બ્રાન્ચના પીએસઆઇ આર.કે.ટોરાણીની ટીમને મળેલ બાતમીના આધારે ઝઘડિયા અને વાલિયા પોલીસ મથકોમાં નોધાયેલ ભેંસોની ચોરીના કુલ ચાર ગુનાઓ હેઠળ છેલ્લા પોણા બે વર્ષથી નાસતા ફરતા આરોપી સુનીલભાઇ લક્ષ્મણભાઇ રાઠવા રહે.સખાન્દ્રા, તા.બોડેલી,જિ.છોટાઉદેપુરનાને તેના ઘરેથી અટકાયત કરી આગળની કાર્યવાહી ઝઘડિયા તથા વાલિયા પોલીસે હાથ ધરી છે.-અખંડ ભારત

# જૂનાગઢમાં બાજરીની અછત મુદ્દે આવેદનપત્ર અપાયું



કિશન બહેચા-જુનાગઢ તાલુકામાં સપ્ટેમ્બર માસ માટે સરકારશ્રીએ અંત્યોદય રેશનકાર્ડ ધારકોને કાર્ડદીઠ ૧૦ કિલો તથા બી.પી.એલ. અને એન.એફ.એસ.એ. કાર્ડ ધારકોને વ્યક્તિદીઠ ૨ કિલો બાજરો આપવાની જાહેરાત કરી હતી.તાલુકામાં અંદાજે ૨૦૦૦ અંત્યોદય અને ૫૯,૦૦૦ એન.એફ.એસ.એ. રેશનકાર્ડ છે, જેના વિતરણ માટે કુલ ૯૩૭૦ કટ્ટા બાજરાની જરૂર છે. પરંતુ તા. ૧૩/૦૯/૨૦૨૫ સુધી માત્ર ૩૮૦૦ કટ્ટા જ આવતાં પુરતો જથ્થો ઉપલબ્ધ ન હોવાથી દુકાનદારોને વિતરણમાં મુશ્કેલી પડી રહી છે.આ પરિસ્થિતિએ દુકાનદારો અને કાર્ડ ધારકો વચ્ચે વારંવાર ઘર્ષણ સર્જાયું છે. મુદ્દે મામલતદારશ્રી વિરલબેન સેલાણી પાસે અનેકવાર રજૂઆત કર્યા બાદ પણ ઉકેલ ન આવતા વેપારી એસોસિએશને ગાંધી ચિંધ્યા માર્ગે હડતાલ ઉપર જવાની ચીમકી ઉચ્ચારી છે.વેપારી એસોસિએશને આવેદન આપીને સરકારશ્રી અને પુરવઠા વિભાગને વિનંતી કરી છે કે આ સમસ્યાનો કાયમી ઉકેલ લાવી દર મહિને પૂરતો જથ્થો સમયસર ઉપલબ્ધ કરાવવો જોઈએ. તેમજ દિવાળી તહેવારોને ધ્યાનમાં રાખીને આવતા માસ માટે પૂરતો જથ્થો અગાઉથી જ ઉપલબ્ધ થાય તે માટે જરૂરી પગલાં લેવાં જોઈએ. અખંડ ભારત

# રાજપારડી- જી.એમ.ડી.સી. માર્ગ ધુળીયો બનતા લોકો પરેશાન



મુનાફ શેખ-ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકાના રાજપારડી નજીક વર્ષોથી જી.એમ.ડી.સી. નો લિગ્નાઇટ પ્રોજેક્ટ કાર્યરત છે.

રાજપારડીના ઝઘડિયા તરફના ધોરીમાર્ગ પર આવેલ જી.એમ.ડી.સી. ફાટકથી જી.એમ.ડી.સી. વિસ્તારને જોડતો માર્ગ લાંબા સમયથી બિસ્માર બનતો દેખાય છે. આ માર્ગ પર આવેલ ‘સિલિકા પ્લાન્ટ્સ’ સંબંધી વાહનો તેમજ જી.એમ.ડી.સી. સંબંધિત વાહનોની મોટા પ્રમાણમાં અવરજવર રહેતી હોઈ રાજપારડી જી.એમ.ડી.સી. ને જોડતો માર્ગ અને તેના પરથી પસાર થતા વાહનોની સંખ્યા અને ક્ષમતાને અનુરૂપ બનાવવામાં આવે તો જ વધારે સમય ટકી શકે,વળી જી.એમ.ડી.સી. રોડ પર રાજપારડીનું પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર આવેલું છે.

બિસ્માર રસ્તાને લઇને દોડતા વાહનોથી ધુળ ઉડવાની સમસ્યા પેદા થાય છે, તેના કારણે આ વિસ્તારના સ્થાનિક રહીશો ઉપરાંત સરકારી દવાખાનાના સ્ટાફ અને દર્દીઓએ પણ હાલાકી ભોગવવી પડતી હોવાનું સામે આવ્યું છે. લાંબા સમયથી આ માર્ગ અવારનવાર બિસ્માર બનવાની જે સમસ્યા ઉત્પન્ન થાય છે, અને તેને લઇને વરસાદ હોય ત્યારે કિચ્ચડ અને ઉઘાડ હોય ત્યારે ધુળ ઉડવી જેવી સમસ્યા સર્જાતા માર્ગ લાંબો સમય ટકી શકે તે માટે તેના પરથી પસાર થતા વાહનોની સંખ્યા અને ક્ષમતાને અનુરૂપ બનાવાય તો તે પગલું સાચા અર્થમાં લોકો અને વાહનચાલકો માટે લાભદાયી બની શકશે.

ઉલ્લેખનીય છેકે જયારે રાજપારડીનું આરોગ્ય કેન્દ્ર જી.એમ.ડી.સી. રોડ પર બનાવાયેલું ન હતું તે સમયે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર રાજપારડીના માધવપુરા વિસ્તારમાં આવેલ સબ સેન્ટરના મકાનમાં બેસતું હતું, અને તે સ્થળ દર્દીઓ માટે વધારે અનુકૂળ હતું તેવી વાતો પણ સ્થાનિક લોકોમાંથી જાણવા મળી છે.-— અખંડ ભારત

# જંબુસર તાલુકાના 'ઉબેર' ગામે 'મુક્તિધામ'નો માર્ગ બિસ્માર હાલતમા

ગંભીરસિંહ મકવાણા- જંબુસર તાલુકાના ઉબેર ગામે સ્મશાનનો માર્ગ બિસ્માર હાલતમાં જોવા મળી રહ્યો છ.

ચોમાસામાં અંતિમવિધિ માટે ગ્રામજનો પરેશાન થઈ રહ્યા છે, ગામના કોતર વગા વિસ્તારમાં તાજેતરમાં 'માડી' સમાજના મગનભાઈ જેસંગભાઈ માડીનું અવસાન થતાં અંતિમવિધિ માટે શોકમગ્ન પરિવારને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો



હતો. માર્ગ પાણી અને કાદવથી ભરાઈ ખદ-બદ છે.. આવા માર્ગ પરથી મૃતદેહ લઈ જવો પડ્યો હતો, જેના કારણે ભારે હેરાનગતિ અનુભવાઈ હતી. ગ્રામજનોનો આક્ષેપ છે કે, વારંવાર પંચાયત સમક્ષ રજૂઆત કરવા છતાં માર્ગની સમસ્યા યથાવત છે. ચોમાસા દરમ્યાન દર વર્ષે આ જ હાલત સર્જાય છે, પરંતુ કોઈ કાયમી ઉકેલ લાવવામાં આવતો નથી. સ્થાનિક નિવાસી એક જણાએ આક્ષેપ કરતાં જણાવ્યું કે, "ચોમાસામાં અમારે મરણ પામેલા સગાને ખભે લઈ જવો પડે છે, કારણ કે વાહન થી સ્મશાન સુધી પહોંચી શકતું નથી. તંત્ર તાત્કાલિક રસ્તો દુરસ્ત કરે એ અમારી મુખ્ય માંગ છે. -અખંડ ભારત

# કડીની 'બી.એડ' કોલેજમાં 'હિન્દી-દિવસ'ની ઉજવણી

રાઠોડ અમરસિંહ-સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી સંચાલિત એસ.વી.કૉલેજ ઓફ એજ્યુકેશન અને સૂરજબા કૉલેજ ઓફ એજ્યુકેશન, કડી માં તારીખ - ૧૩/૦૯/૨૦૨૫ના દિવસે 'હિન્દી- દિવસ'ને ઉત્સાહભેર મનાવવામાં આવ્યો હતો, જેમાં હિન્દી ભાષાનું મહત્વ, દોહાગાન, ભજન અને બ્લેક બોર્ડ પર હિન્દી ભાષાને ગૌરવ અપાતું સાહિત્યનું નિરૂપણ કરવામાં



આવ્યું હતું.જેમાં મોટી સંખ્યામાં તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. આ સમગ્ર કાર્યકર્મનું આયોજન કૉલેજના H.O.D ડૉ.જગદીશભાઈ એસ પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ અને પ્રાધ્યાપકશ્રી જયેશકુમાર પટેલ દ્વારા સંચાલન કરવામાં આવ્યું હતું. -અખંડ ભારત

# શ્રીમદ્ લાલજી બાપા- શ્રીમદ્ જેશિંગ બાપાના મુમુક્ષો દ્વારા પશુ-હવાડાની સાફ સફાઈ



ભીખાભાઈ પટેલ- મોટા કોટડા ઠાકોર સમાજ સ્મશાન પાસે શ્રીમદ્ લાલજી બાપા તથા જય શ્રીમદ્ જેશિંગ બાપા દ્વારા સ્મશાન ગૃહ હવાડો સફાઈ કરી અને હવાડામાં મીઠું નાખીને પાણી ભર્યું હતું .આ વિસ્તારમાં લાલજી બાપા તથા જેસીંગ બાપા અને રામજી બાપા ધોલવાણીના લાભાર્થે અનેક પશુઓ માટે હવાડાઓ બનાવેલા છે. ભીખાભાઈ બેચરભાઈ વતી અને એમના સમાજની બહેનો વતી દર રવિવારે ઈડર તાલુકાના દરેક ગામમાં હવાડો સાફ કરવાનું કામ ઉત્તમ કામ કરે છે એ પ્રશંસનીય છે . -અખંડ ભારત

# 'મજેવડી' ખાતે વિવિધ યોજનાઓના ફોર્મ ભરવા માટે 'કેમ્પ' યોજાયો

જનક ટીલાવત- ધારાસભ્યશ્રી જુનાગઢ ના કાર્યાલય સૌજન્યથી સરકારશ્રીની વિવિધ યોજનાઓના ફોર્મ ભરવા માટેનો એક દિવસનો કેમ્પ ગ્રામ પંચાયત મજેવડી ખાતે રાખવામાં આવેલો.

જેમાં લાભાર્થીઓએ આવકના દાખલા, જાતિના દાખલા, ૧૦% અનામત, વાલી દિકરી યોજના નોન ક્રિમિનલ, બિન અનામત, જેવા વિવિધ દાખલાઓના ફોર્મ ભરવાની કામગીરી કરવામાં આવી. જેને મામલતદાર કચેરીમાં જમા કરાવી અરજદારનો રૂબરૂ ફોટો લેવડાવી



ફરી પાછા મજેવડી ગ્રામ પંચાયત ખાતે આ દાખલા જે તે અરજદારોને આપી દેવામાં આવશે.

આ કેમ્પમાં ધારાસભ્ય કાર્યાલયના પ્રતિનિધિ નયનભાઈ દેસાઈ, મજેવડી ગ્રામ પંચાયત સરપંચ દર્શનાબેન પોકિયા, ઉપ-સરપંચ સુરેલભાઈ પોંકિયા, તાલુકા પંચાયતના સદસ્ય મંજુલાબેન ઢોલરીયા, અરજણભાઈ રાઠોડ, જીગ્નેશભાઈ પોંકિયા, તેમજ તમામ પ્રકારના ફોર્મ ભરવા માટે એડવોકેટ કૃણાલભાઈ ગોસ્વામી અને તેમની ટીમે વિનામૂલ્ય સેવા આપી હતી. તલાટી મંત્રીશ્રી અંકિતભાઈ મહેતા દુષ્યંતભાઈ મેસવાણિયા, ગ્રામ પંચાયત પટાવાળા ગિરધરભાઈ વાસણ, નટુભાઈ વગેરેએ ખુબ જહેમત ઉઠાવી હતી અને આ કાર્યમાં લગભગ ગામના સવાસો વ્યક્તિઓએ લાભ લીધો હતો.

-અખંડ ભારત

# આહવાના 'ડુંગરી ફળિયા'માં રાત્રે લટાર મારતો દીપડો'

ઘિસારામ ચૌધરી- આહવા ગામના ડુંગરી ફળિયામાં રાત્રિ દરમિયાન એક કદાવર દીપડો રહેણાંક વિસ્તારમાં લટાર મારતા લોકોમાં ભયનો માહોલ સર્જાયો છે ત્યાંના સ્થાનિક લોકોનું કહેવું છે કે છેલ્લા ઘણા દિવસોથી દીપડો રાત્રિ દરમિયાન આ વિસ્તારમાં આવી લટાર મારી જાય છે, જેના કારણે રાતના સમયે બહાર નીકળવું મુશ્કેલ બની ગયું ,છે જે બાબતે વન વિભાગ દ્વારા પાંજરું ગોઠવીને દીપડાને કેદ કરી અન્ય વિસ્તારમાં જંગલમાં



છોડી દેવો જોઈએ, કારણકે આવનારા દિવસોમાં નવરાત્રિ દરમિયાન કોઈ ને પણ નુકશાન પહોંચાડી શકે છે.- અખંડ ભારત

# કવાંટ 'ડોન બોસ્કો હાઇસ્કૂલ' ખાતે 'વિજ્ઞાનમેળો' યોજાયો

દિનેશ પરમાર- છોટા ઉદેપુર જીલ્લાના કવાંટ ખાતે આવેલી 'ડૉન બોસ્કો હાઈસ્કૂલ'માં વિજ્ઞાન મેળો યોજાયો હતો.

જેમાં શાળાના વિદ્યાર્થીઓએ જળવિદ્યુત, સોલરવિદ્યુત, ખેતરના પીએચની ચકાસણી, ઉર્જાની ચકાસણી, પોટેટો ગન, પ્લાઝ્મા કેનલગન જેવા નાના મોટા ૪૦ જેટલા મોડેલ રજુ કર્યા હતા. આ પ્રસંગે સંસ્થાના રેક્ટર ફાધર ડૉ. મયંક પરમાર દ્વારા પ્રેરણાત્મક પ્રવચન પુરું પાડવામાં આવ્યું હતું.

પ્રસ્તુત વિજ્ઞાનમેળાની મુલાકાત લીટલ ફ્લાવર ઈંગ્લિશ



મીડીયમ સ્કૂલ કવાંટ, સેંટ દોમેનિકન ઈંગ્લિશ મીડીયમ સ્કૂલ કવાંટ, ડૉન બોસ્કો સ્કૂલ છોટાઉદેપુર, વિદ્યા વિનય પ્રા.સ્કૂલ કવાંટ જેવી શાળાઓના વિદ્યાર્થીઓ તથા દિશા સંસ્થાના તાલિમાર્થીઓએ લીધી હતી.

આ પ્રસંગે ડૉન બોસ્કો ઈંગ્લીશ મીડિયમ હાઈસ્કુલ કવાંટના આચાર્ય ફાધર આગ્નેલ દ્વારા સહુ પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરીને વિજ્ઞાનમેળાના સફળ આયોજન બદલ સ્ટાફ મિત્રોને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

-અખંડ ભારત

# લાખણી 'સી.આર.સી.'ને 'પ્રકૃતિ મિત્ર' એવોર્ડ થી સન્માનિત કરાયા

અશોક ભાટી- શ્રી કિશનચંદ ટેકચંદ પરિવાર, ખેડબ્રહ્મા તથા 'પ્રકૃતિ મિત્ર' ગ્રુપ ગુજરાત અને રિહેન એચ.મહેતા વિદ્યાલય, માંકડી તા.દાંતાના સંયુક્ત ઉપક્રમે 'પ્રકૃતિ મિત્ર' એવોર્ડ ૨૦૨૫નું આયોજન ગાયત્રી તીર્થ ,અંબાજી ખાતે કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમ માં મુખ્ય મહેમાન તરીકે સરદારભાઈ ચૌધરી (ધારાસભ્ય,ખેરાલુ), અતિથિ વિશેષ તરીકે શ્રી કૌશિકભાઈ મોદી (વહીવટદાર અને ના.કલેક્ટર,અંબાજી), શ્રી જશુભાઈ રાવલ (બોર્ડ મેમ્બર, ગુ.મા.શિ અને ઉ.મા શિક્ષણ બોર્ડ, ગાંધીનગર),શ્રી




ડૉ.હિતેશભાઈ પટેલ (જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,બનાસકાંઠા) વગેરે ઉપસ્થિત રહ્યા હતા.આ એવોર્ડ કાર્યક્રમમાં વિવિધ સંસ્થાઓ, શિક્ષકશ્રીઓ, ખેડૂત મિત્રો અને વ્યક્તિગત જેમણે પણ પ્રકૃતિ રક્ષણનું વિશિષ્ટ કાર્ય કરેલ છે, એવા ૧૮૫ શિક્ષકોને સન્માનિત કર્યા હતા. ત્યારે અત્રેની લાખણી ખાતે 'સી.આર.સી.'કો.ઓર્ડીનેટર તરીકે ફરજ બજાવતા સુખદેવરામ ઈશ્વરલાલ જોષીને 'પ્રકૃતિ મિત્ર' એવોર્ડ થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

જેમાં શૈક્ષિણક કીટ,પ્રમાણપત્ર, થર્મો સ્ટીલ આપીને સન્માનિત કરવામાં આવ્યા.સુખદેવરામ જોષીને અગાઉ પણ 'એનવાયરમેન્ટ કન્ઝરવેશન' એવોર્ડ તેમજ 'પર્યાવરણ સંરક્ષણ' એવોર્ડ થી સન્માનિત કરવામાં આવ્યા છે.આ એવોર્ડથી સુખદેવરામ જોશીએ સમાજ, ગામ અને જિલ્લા નું ગૌરવ વધાર્યું હતું.

-અખંડ ભારત

# વડાલીમાં જનતાને પીવાના પાણી માટે વલખાં

દિલીપ વણઝારા- સાબરકાંઠા જિલ્લાના વડાલીમાં છેલ્લા ૧૫ દિવસ થી પીવાનું પાણી આવતું નથી. જેના કારણે વડાલી નગરનાં લોકોને પીવાનાં પાણી વગર ભારે હાલાકી ભોગવવી પડી રહી છે... ત્યારે સ્થાનિક મહિલાઓ નગરપાલિકા ચીફ ઓફિસરને પાણી અંગેના પ્રશ્નોની રજૂઆત



કરવા પહોંચી હતી, ત્યારે ચીફ ઓફિસર હાજર ન રહેતાં તેમણે નગરપાલિકાનાં બહારનાં રસ્તાને ચક્કા-જામ કર્યો હતો અને પીવાનાં પાણી માટે ઉગ્ર રજૂઆત કરી હતી. -અખંડ ભારત

# પિપલોદ પંચાયત પાસે છુટા ફરતા પશુઓથી અકસ્માતનો ભય

અલ્કેશભાઈ- દાહોદ જિલ્લાના દેવગઢબારીયા તાલુકાના પિપલોદ પંચાયત પાસે આજુબાજુ માં રહેતા લોકો પોતાના બકરા છુટા મૂકી દે છે તેના કારણે પિપલોદ થી બારિયા જતા વાહનચાલકોને અકસ્માતનો ભય રહે છે, પોતાના પશુઓને




પોતાના ઘરે બાંધે એવી માંગ કરાઈ છે. -અખંડ ભારત

# બોરસદ તાલુકાના કસુંબાડના રણજીતસિંહ ગોહિલ 'પ્રાકૃતિક ખેતી'થી બન્યા પ્રેરણાસ્ત્રોત

રાકેશકુમાર સોઢા પરમાર- બોરસદ તાલુકાના કસુંબાડના પ્રગતિશીલ ખેડૂત રણજીતસિંહ અમરસિંહ ગોહિલ આજે સમગ્ર જિલ્લામાં પ્રેરણાનું પાત્ર બની ગયા છે, 'આત્મા પ્રોજેક્ટ'માં જોડાયા બાદ વર્ષ ૨૦૨૦ થી પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરી છે . તેઓ છેલ્લા કેટલાય વર્ષોથી પરંપરાગત રીતે જમીનને ઉપજાઉ રાખતાં અને પર્યાવરણનું સંરક્ષણ કરતાં ખેતી કરી રહ્યા છે. તેમના ખેતરમાં તુવેર, ગલકા, પાપડી, વાલોર, તેમજ કાળી, સફેદ અને પીળી હળદર સહિત ૫૦થી વધુ પાકોનું વાવેતર કરાયેલ છે સાથે જ ડોડી, લીબુડા, દેશી લીબુ, શેરડી, મીઠી લીમડી, આંબા અને ચીકુ જેવા



અનેક ફળોના છોડ પણ જોવા મળે છે.ત્રણ ગાયોનું સંવર્ધન કરીને તેમણે 'ગોબર ગેસ' પ્લાન્ટ ઊભું કર્યું છે. સરકારની આત્મા યોજના હેઠળ સ્થાપિત બાયો રિસોર્સ સેન્ટર (BRC) માં જીવામૃત, ઘનજીવામૃત, અગ્નિઅસ્ત્ર, નીમાસ્ત્ર વગેરેનું ઉત્પાદન કરી તેઓ તેનું વેચાણ પણ કરે છે.

વર્ષ ૨૦૨૫ સુધીમાં તેઓ કુલ ૭૦૦૦ કિલોગ્રામ ઘન-જીવામૃત, ૩૦૦૦ લીટર જીવામૃત અને ૩૦૦૦ લીટર બાયો ગેસ સ્લરીનું સફળ વેચાણ કરી ચૂક્યા છે. આ સિદ્ધિએ તેઓને આણંદ જિલ્લામાં પ્રાકૃતિક ખેતીના અગ્રગણ્ય આગેવાન તરીકે સ્થાપિત કર્યા છે.રણજીતસિંહ પોતાના મોબાઈલ દ્વારા જ શાકભાજી અને પ્રાકૃતિક ખાતરોના એડવાન્સ ઓર્ડર મેળવી બજારમાં સીધો પુરવઠો કરે છે. આથી તેઓ ખેતી સાથે વધારાની આવક પણ મેળવી રહ્યા છે. તેમની પ્રેરક કામગીરીએ કસુંબાડ સહિત સમગ્ર જિલ્લામાં પ્રાકૃતિક ખેતી પ્રત્યે નવો વિશ્વાસ ઉભો કર્યો છે. રણજીતસિંહ સાબિત કરી રહ્યા છે કે પ્રાકૃતિક ખેતી સ્વાવલંબન, સ્થિર આવક અને સ્વસ્થ સમાજ તરફ દોરી જનાર શ્રેષ્ઠ માર્ગ છે.

-અખંડ ભારત

# ઝઘડિયા તાલુકામાં આવેલ હઝરત બાવાગોરની દરગાહનો ચસ્મો (પાણીનો કુંડ)ગુરૂવારે વધાવવામાં આવશ

મુનાફ શેખ- ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકાના રતનપુર નજીકના પહાડ પર આવેલ હઝરત બાવાગોરની દરગાહનો ચસ્મો (પાણીનો કુંડ) તા.૧૮ મી સપ્ટેમ્બરને ગુરૂવારના રોજ બપોરના ત્રણ વાગ્યે વધાવવામાં આવશે. આ અંગે વધુમાં જણાવાયા મુજબ હઝરત કમાલુદ્દિન બાવા (વડોદરા)અને બાવાગોર દરગાહ સ્થળના હાલના ગાદીનશીન હઝરત જાનુબાપુના હસ્તે તા.૧૮ મીના



રોજ બપોરના ત્રણ વાગ્યાના સમય દરમિયાન પરંપરાગત ફુલ ધાણી અને નાળિયેરથી ચસ્મો વધાવવામાં આવશે.ઉલ્લેખનીય છેકે ઝઘડિયા તાલુકાના રતનપુર ગામથી ત્રણ કિલોમીટર દુર પહાડ પર અંદાજે ૮૦૦ વર્ષ જુની હઝરત બાવાગોરની દરગાહ આવેલી છે. આ પહાડ પર હઝરતના સમયથી એક પાણીનો કુંડ જે ચસ્માના નામે પ્રચલિત છે,આવેલો છે અને દરવર્ષે ભાદરવા મહિનાના છેલ્લા ગુરૂવારે પરંપરાગત ચસ્મો વધાવવાની રસમ અદા કરવામાં આવે છે. ચસ્મો વધાવવાના દિવસે આ સ્થળે ભવ્ય મેળો પણ ભરાય છે,જેમાં રાજ્ય સહિત રાજ્ય બહારના વિસ્તારોમાંથી ભાવિકો મોટી સંખ્યામાં આવે છે,અને ચસ્મો વધાવવાની વિધિમાં જોડાઈને ધન્ય બને છે. - અખંડ ભારત

# ચાંદણા ગામમાં રામ ચરિત માનસ કથા યોજાઈ

પટેલ રીતેશકુમાર- ખેડા જિલ્લાના ચાદણા ગામમા રામ ચરિત માનસ કથા નું રામ ભરોસે આયોજન કરવામાં આવતા આ કથા દરમ્યાન સ્થાનિક ભાવિક ભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થતિ રહી કથા વાર્તાનું રસપાન કર્યું હતું.આ સેવા કાર્યમાં બિરેનભાઈ પટેલ સાથે શૈલેષભાઈ ઠાકોર એ સતત ખડેપગે રહી શ્રમદાન કરી ધાર્મિક પ્રસંગને દિપાવ્યો હતો. - અખંડ ભારત



# દાહોદ જિલ્લા કક્ષા 'કલા મહાકુંભ' સ્પર્ધામાં 'પાંદડી' પ્રાથમિક શાળા ત્રીજા નંબરે વિજેતા

પરેશ અમલીયાર- દાહોદ જિલ્લા કક્ષાના કલા મહાકુંભ સ્પર્ધા ૨૦૨૫/૨૬ માં પાંદડી પ્રાથમિક શાળાના બાળકોએ આદિવાસી લોકનૃત્ય તથા એકપાત્રિય અભિનયમાં જિલ્લા કક્ષાએ ત્રીજો ક્રમાંક મેળવેલ છે.

યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગુજરાત રાજ્ય ગાંધીનગર આયોજિત દાહોદ જિલ્લા કક્ષાના કલા મહાકુંભ સ્પર્ધા ૨૦૨૫/૨૬ ની ૧૨/૦૮/૨૦૨૫ ના રોજ ઉત્તર બુનિયાદી આશ્રમ શાળા નગરાળામાં આયોજન થયું હતું. જેમાં પાંદડી મુખ્ય પ્રાથમિક શાળાના બાળકોએ ૬ થી ૧૪ વયકક્ષાની વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. જેમાં એકપાત્રીય




અભિનય, આદિવાસી લોકનૃત્યમાં ત્રીજો ક્રમાંક મેળવ્યો હતો.

એક પાત્રીય અભિનયમાં પસાયા સાક્ષી મુકેશભાઈએ શિક્ષકની મનોવ્યથા વિષય પર પોતાની આગવી છટાથી રજૂઆત કરી શાળા તથા ગામનુ ગૌરવ વધારેલ છે.

તમામ બાળકોએ શાળ ના શિક્ષક સ્મિતાબેન ચરપોટ તથા મનીષભાઈ રાઠોડના માર્ગદર્શન હેઠળ ભાગ લીધેલ હતો.

પાંદડી પ્રાથમિક શાળાનુ ગૌરવ વધારવા બદલ શાળાના આચાર્યશ્રી અનિલભાઈ પરમાર તથા ગરબાડા તાલુકા ઘટક સંઘના પ્રમુખશ્રી દલસિંગભાઈ પરમાર દ્વારા વિજેતા બાળકો તથા માર્ગદર્શક શિક્ષકોને અભિનંદન સહ શુભકામનાઓ પાઠવી હતી.

-અખંડ ભારત

# પોક્સોના ગુનામાં નાસતો ફરતો આરોપી ઝડપાયો

ननीરાજસિંહ પરમાર- સુરેન્દ્રનગર જીલ્લામાં નાસતા ફરતા આરોપી પકડી પાડવાના આદેશ અનુસાર સાયલા પો.સ્ટે. બી.એન.એસ. કલમ-૧૩૭(૨),૮૭ મુજબના ગુન્હાના કામના આરોપી તથા ભોગ બનનારની આજદીન સુધી તપાસ કરી કરાવતા મળી આવેલ ન હોય અને મજકુર ભોગ બનનાર તથા આરોપી હાલે હરીયાણા રાજ્યના ગુડગાવ ખાતે હોવાની હકિકત મળી આવેલ હોય જેથી સાયલા પો.સ્ટે. ઈંચાર્જ પો.ઈન્સ ડી.ડી. ચુડાસમા સાહેબના સીધા માર્ગદર્શન હેઠળ પો.સબ.ઈન્સ. એચ.એન.ઝાલા તથા પો.કોન્સ. સુરેશભાઈ ખરગીયા તથા વુ.પો.કોન્સ. કંચનબેન ઝાપડીયા એ રીતેની ટીમ હરીયાણા ગુડગાવ જવા રવાના થયેલ અને ગુડગાવ શહેર ગીચવસ્તિ વાળો વિસ્તાર હોય અને આ કામના ભોગ બનનાર




તથા આરોપીને તાત્કાલીક શોધી કાઢવા સારૂ ટેકનીકલ તથા હ્યુમન સોર્શીસનો મહત્તમ ઉપયોગ કરી આ કામનો નાસતો ફરતો આરોપી સંજય કુમાર મહેશચંદ કુંડારીયા ઉ.વ.૨૫ રહે.રેની જિ.અલવર(રાજસ્થાન) વાળાને શિવ કોલોની ગડી હરસરૂ(ગુડગાવ) હરીયાણા ખાતેથી ભોગ બનનાર સાથે અટકાયત કરી આગળની કાર્યવાહી પોલીસે હાથ ધરી હતી. -અખંડ ભારત

# દાંતાના નવાવાસ ગામનું ગૌરવ

પઠાન અશરફખાન - દાંતા તાલુકાના નવાવાસ ગામના ફેજલ ખાન ફિરોઝ ખાન પઠાણ રાજકોટ ખાતે બોડી ચેમ્પિયનમાં ગોલ્ડ મેડલ મેળવીને ગામ,તાલુકા,અને સમાજનું નામ રોશન કરતા સૌએ તેને શુભેચ્છા પાઠવી હતી. -અખંડ ભારત



# ભીલડીમાં પોલીસ 'ટ્રાફિક ડ્રાઈવ'યોજાઈ

ધવલકુમાર દવે-ભીલડી ગામે પોલીસ દ્વારા વિવિધ જગ્યાએ પોઈન્ટ ગોઠવી 'કાળા કાચ' અને કાયદાનો ભંગ કરનાર વાહન ચાલકો સામે કાર્યવાહી કરવામાં આવી હતી.- અખંડ ભારત



# અમરેલીમાં પરવાનગી વગર સભા સરઘસ યોજી નહીં શકાય

જીજ્ઞેશ બારૈયા- અમરેલી તા.૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૫ (સોમવાર) જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા તેમજ જાહેર સુલેહ-શાંતિ જળવાઈ રહે તે હેતુથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ કલમ-૩૭ (૧), ૩૭ (૩) અને ૩૩ હેઠળ અમરેલી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી દ્વારા જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે, આ જાહેરનામું તા.૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધી અમલી રહેશે. -અખંડ ભારત

# વલસાડના કોસંબા ગામના દરિયા કિનારે 'કન્ટેનર' મળ્યું



મકવાણા ચંદ્રવદન- વલસાડના કોસંબા ગામના દરિયા કિનારે એક કન્ટેનર તણાય આવ્યું હતું કન્ટેનર તણાઈ આવવાની ઘટના અંગે સ્થાનિક લોકોએ વલસાડ પોલીસને જાણ કરી હતી, ઘટનાની જાણ થતાં વલસાડ પોલીસ ઘટના સ્થળે પહોંચી કન્ટેનર અંગે તપાસ શરૂ કરી હતી.સ્થાનિકોના જણાવ્યાનુસાર આ કન્ટેનરમાં કેમિકલ ભરેલું હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે વહેલી સવારે દરિયા કિનારે એક કન્ટેનર મળી આવતા ગ્રામજનોમાં ભારે ચર્ચાઓ ચાલી રહી છે, ગુજરાત રાજ્યના વિવિધ દરિયા કિનારે આવા કન્ટેનર મળવાનો સિલસિલો ચાલી રહયો છે. અત્યાર સુધીમાં કચ્છ, પોરબંદર, મુન્દ્રા, દ્વારકા, મીઠાપુર, માંડવી .નવસારી અને હવે વલસાડ જિલ્લાના દરિયા કિનારે એક સરખા કન્ટેનર તણાઈ આવ્યા છે, વલસાડ પોલીસે આ મામલે કસ્ટમ વિભાગ સહિત અન્ય સંબંધિત વિભાગોને જાણ કરી છે, પોલીસ દ્વારા ટેન્કર ને કબ્જે લઈ તેમાં રહેલા પ્રવાહી અંગે તપાસ શરૂ કરવામાં આવી રહી છે. - અખંડ ભારત

# કુશાલપુરાની સીમમાંથી યુવાનનો મૃતદેહ મળ્યો



હિતેન્દ્રસિંહ રાઠોડ- અરવલ્લી જિલ્લાના ડુંગરાળ વિસ્તારમાં આવેલ ભિલોડા તાલુકાના ટોરડા ગામના ચેનવા પરિવારમાંથી ચેનવા હરેશ કુમાર શામળભાઈ ગઈકાલથી ગુમ થતા પરિવાર ચિંતિત બન્યો હતો. ત્યારે આજે સવારે કુશાલપુરા ગામના ખેતરમાં એક મૃતદેહ પડ્યો હોવાનું માલુમ પડતાં પરિવારજનોને તેની ઓળખ થતાં જે મૃતદેહ હરેશ કુમાર ચેનવાનો હોવાનું માલુમ થતાં પરિવાર તથા આજુબાજુ ના વિસ્તારમાં ચકચાર મટી જવા પામી હતી.આ ઘટનાની જાણ ભિલોડા પોલીસને થતાં તાત્કાલિક ઘટના સ્થળે પોલીસ આવી મૃતદેહને પી. એમ. અર્થે ભિલોડા સિવિલ હોસ્પિટલે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.આ વિસ્તારમાં અવાર નવાર આવા મૃતદેહો મળી આવે છે જે ચિંતાનો વિષય છે.-અખંડ ભારત

# વડોદરામાં IPA ગુજરાતની કારોબારી મિટિંગ, નવી ટીમની નિમણૂંક



થાનાજી રાજપુત-૧૪ સપ્ટેમ્બર – Indian Pharmacist Association ગુજરાતની કારોબારી મિટિંગ વડોદરા ખાતે મળી હતી જેમાં જુદા જુદા વિભાગ સાથે સંકળાયેલા ફાર્માસિસ્ટના સર્વાંગી વિકાસ માટે જરૂરી ચર્ચાઓ યોજાઈ.શિક્ષણ, સરકારી હોસ્પિટલ, ઈન્ડસ્ટ્રી, રિટેલ સેક્ટર તથા હોસ્પિટલોમાં કાર્યરત ફાર્માસિસ્ટની સમસ્યાઓનું નિવારણ કરવા IPA ગુજરાત સતત કાર્યરત રહેવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

આગામી ૨૫ સપ્ટેમ્બરે વિશ્વ ફાર્માસિસ્ટ દિવસની ઉજવણી સુરત ખાતે કરવામાં આવશે. આ પ્રસંગે IPA ગુજરાતની વેબસાઇટ તથા એસોસિએશન મેમ્બરશિપ રજિસ્ટ્રેશન ફોર્મ લોન્ચ કરવામાં આવશે.મિટિંગમાં સર્વાનુમતે મનોજ કુમાર પંડ્યા . કમલેશ ભૂતડીયા અને સંકેત પટેલ નોર્થ ના Gen secretary/પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી હતી.-અખંડ ભારત

# નસવાડી તાલુકાના ગ્રામ્યમાં તલાટીમંત્રીની અનિયમિતતા મુદ્દે રજૂઆત



ચિરાગ ગુપ્તા - નસવાડી તાલુકાના ધારસિમેલ અને કેવડી ગ્રામ પંચાયતના ગ્રામજનોએ તલાટી કમ મંત્રીની અનિયમિત હાજરીને લઈને કડક આક્ષેપો સાથે તાલુકા વિકાસ અધિકારીને લેખિત રજૂઆત કરી છે.સ્થાનિક ગ્રામજનોએ જણાવ્યા મુજબ, ડુંગરાળા અને અંતરિયાળ વિસ્તારમાં આવેલી આ પંચાયતોમાં ફરજ પર સમયસર હાજર ન રહેવાના કારણે અનેક જરૂરી કામગીરી ખોરવાઈ રહી છે. આવકના દાખલા, વારસાગત દાખલા, ઓનલાઈન અરજી તથા પંચાયતની દૈનિક વહીવટી કામગીરી વિલંબિત થવાથી ગ્રામજનોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.ગ્રામજનોએ તાલુકા પંચાયત કચેરી ખાતે ભારે સૂત્રોચાર સાથે તલાટી કમ મંત્રીની અનિયમિતતાઓ સામે નારાજગી વ્યક્ત કરી હતી. તેઓએ જણાવ્યું કે, "પંચાયત ગામના લોકો માટે સર્વસુવિધા કેન્દ્ર છે, પરંતુ તલાટી કમ મંત્રીની ગેરહાજરીને કારણે સામાન્ય લોકોને વારંવાર ચક્કર મારવા પડે છે અને સમય તેમજ ખર્ચનો બગાડ થાય છે."આ મુદ્દે ગ્રામજનોમાં ભારે અસંતોષ જોવા મળ્યો છે અને જો તંત્ર દ્વારા ઝડપથી કાર્યવાહી નહીં થાય તો આંદોલન તેજ કરવાની ચીમકી પણ કેટલાક ગ્રામજનોએ આપી છે.-અખંડ ભારત

# ક્વાંટના ગ્રામ્યમાં સંપર્ક અભિયાન



ચિરાગ ગુપ્તા-ક્વાંટ તાલુકાના આથાડુંગરી જિલ્લા પંચાયત રૂટ નંબર ૪ (ચાર) પર જીલ્લા ભાજપા પ્રમુખ ઉમેશભાઈ રાઠવા ની ઉપસ્થિતિમાં તાલુકા પંચાયત સીટ દીઠ,બુથ સમિતિ સંપર્ક અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં ખરમડા, મંકોડી, આથાડુંગરી, અને રંગપુર સીટના તમામ બુથ પ્રમુખ નું સન્માન કરવામાં આવ્યું હતું અને આથાડુંગરી જીલ્લા પંચાયત ની બેઠક મોટાંવાંટા ગામે કરવામાં આવી હતી.જેમાં તમામ રૂટ નું સંયોજન જયેશભાઈ રાઠવા અને મિલનભાઈ રાઠવા એ કર્યું હતું.-અખંડ ભારત

# બી.ઝેડ.કોમર્સ અને આર્ટસ કોલેજનો સુરેશ રાઠવા 'આર્ચરી ઇન્ટર કોલેજ સ્પર્ધા'માં પ્રથમ




શૈલેષ પંચાલ-હિંમતનગર ખાતે આવેલ બી.ઝેડ. ગ્લોબલ એજ્યુકેશન કેમ્પસ ની કોમર્સ એન્ડ આર્ટસ કોલેજમાં અભ્યાસ કરતો વિદ્યાર્થી રાઠવા સુરેશભાઈ હેમચંદ્રાચાર્ય નોર્થ ગુજરાત યુનિવર્સિટી પાટણની આર્ચરી ઈન્ટર કોલેજ સ્પર્ધામાં પ્રથમ નંબર પ્રાપ્ત કરી પોતાના પરીવારનું તથા કોલેજ અને કેમ્પસ નું ગૌરવ વધારેલ છે. તે વિદ્યાર્થી આગામી દિવસોમાં ઓલ ઇન્ડિયાની સ્પર્ધા માટે સિલેક્ટ થયેલ છે. ઉપરોક્ત સિદ્ધિ મેળવવા બદલ આચાર્યશ્રી પ્રો.ડૉ. જૈમિન ભટ્ટ , પીટીઆઈ પ્રવિણભાઈ ખરાડી તથા સંસ્થાના ટ્રસ્ટી શ્રી ભુપેન્દ્રસિંહ ઝાલા સાહેબે વિદ્યાર્થીને અભિનંદન પાઠવ્યા હતા.-અખંડ ભારત

# ટંકારા મામલતદારને આવેદનપત્ર અપાયું

ગજેરા પ્રદીપભાઈ - ગુજરાત સરકાર દ્વારા ખેડૂતોને ટેકાના ભાવ ની મગફળી ખરીદી માટે અરજી કરવામાં આવી છે. આ અરજીમાં ખેડૂતોના મગફળી વાવેતર ના તલાટી કમ મંત્રીશ્રી ના દાખલા પુરાવા તરીકે ઉમેરવામાં આવ્યા છે, તેમ છતાં સરકાર દ્વારા સેટેલાઈટ સર્વે કરવાની નીતિ અમલમાં મુકાઈ છે.સેટેલાઈટ સર્વે ભૂતકાળ મા જમીન માપણીમાં ખામી સર્જી છે. જો આવી જ ખામી મગફળી વાવેતર સર્વેમાં થશે તો ખેડૂતોની અરજી રદ થવાની સંભાવના વધી જશે. આથી ખેડૂતોની મુશ્કેલીમાં વધારો થવાની શક્યતાને જોતા આ સેટેલાઈટ સર્વેની પદ્ધતિ બંધ કરવામાં આવે તેવી માંગ સાથે મામલતદારનો લેખિતમાં ટંકારા આપના પ્રમુખ નરોત્તમ ભાઈ ગોસરા એ રજૂઆત કરી છે.-અખંડ ભારત

# વાંકાનેર કોલેજનો વિદ્યાર્થી નેશનલ લેવલે રમવા જશે



ભગીરથ ઠાકર -સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે આંતર કોલેજ કબડ્ડી સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ જેમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સાથે સંલગ્ન ૨૯ કોલેજની ટીમોએ કબડ્ડી સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં શ્રી દોશી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, વાંકાનેરના વિદ્યાર્થી છણીયારા વિશાલ રાજેશભાઈ (વાંકાનેર)નો ઉત્કર્ષ દેખાવ રહેતા તેમની સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની કબડ્ડી ટીમમાં પસંદગી થઈ છે.જેવો સ્પર્ધામાં નેશનલ લેવલે મધ્યપ્રદેશ ઈન્દોર મુકામે ભાગ લેવા માટે જશે. છણીયારા વિશાલ રાજેશભાઈ અને રમત ગમતના અધ્યાપક શ્રી ડૉ. વાય.એ.ચાવડા સાહેબને આ સફળતા માટે શ્રી દોશી કૉલેજ વાંકાનેરના ટ્રસ્ટીઓ, આચાર્ય અને દોશી કૉલેજ પરિવારે અભિનંદન સાથે શુભેચ્છા પાઠવી હતી.-અખંડ ભારત

# વણી ખાતે ૭૬ મો વન મહોત્સવ યોજાયો



વરેશ પરમાર - વિરમગામ તાલુકાના વણી ગામ ખાતે જય ગુરુદેવ હાઈસ્કુલમાં તાલુકા કક્ષાના ૭૬માં વન મહોત્સવ ની ઉજવણી કરવામાં આવી જેમાં રેન્જ ફોરેસ્ટ ઓફિસર શ્રી રમેશભાઈ નાડોદાએ વૃક્ષારોપણ નું મહત્વ સમજાવ્યું હતું. આ પ્રસંગે વણી કેળવણી મંડળના મંત્રી શ્રી હીરાભાઈ સિંધવ તેમજ દેવેન્દ્રસિંહ સિંધવે પ્રસંગોચિત ઉદબોધન કર્યું હતું. વણી ગામના સરપંચ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો અને શાળાના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.-અખંડ ભારત

# અખિલ ભારતીય મહાસંઘની પોલીસવડા સાથે મુલાકાત



વણકર વિનુબેન - અખિલ ભારતીય મહાસંઘ મહીસાગરના સંયુક્ત ઉપક્રમે મહીસાગર જિલ્લાના નવનિયુક્ત પોલીસવડા સફિન હસનની સૌજન્ય મુલાકાત લઈ ૧૬ ગામ સંચાલિત શ્રી કૃષ્ણ પ્રણામી મંદિર સંતરામપુર ના ૭૫ વર્ષ પૂર્ણ થતા અમૃત મહોત્સવનું આયોજન આગામી શરદ પૂર્ણિમા પર કરવાનું હોય ત્યારે જિલ્લા પોલીસવડા સફિન હસનને આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું. આ તકે મહાસંઘના પ્રમુખશ્રી દિનેશભાઈ પરમાર, કાનજીભાઈ , ડી એલ પરમાર, એલ કે વણકર. જયેશભાઈ વણકર,તેમજ અન્ય આગેવાનો ઉપસ્થિત રહી બુકે શાલ અને પ્રમાણપત્ર આપી સન્માન કર્યું હતું.-અખંડ ભારત

# રાલેજ પ્રાથમિક શાળાના અશોકભાઈ પટેલ 'પ્રકૃતિ મિત્ર' એવોર્ડથી થયા સન્માનિત



જયરાજસિંહ બારડ-શ્રી કિશનચંદ ટેકચંદ પરિવાર, ખેડબ્રહ્મા તથા 'પ્રકૃતિ મિત્ર' ગ્રુપ ગુજરાત અને રિહેન એચ.મહેતા વિદ્યાલય, માંકડી તા.દાંતા ના સંયુક્ત ઉપક્રમે 'પ્રકૃતિ મિત્ર' એવોર્ડ ૨૦૨૫ નું આયોજન તારીખ ૧૫ સપ્ટેમ્બર ના રોજ શ્રી ગાયત્રી તીર્થ ,અંબાજી ખાતે કરવામાં આવ્યું હતું .જેમાં આણંદ જિલ્લાના ખંભાત તાલુકાના ક્ણજીકુઇ પ્રાથમિક શાળા, રાલેજ ના આ.શિક્ષક અશોકભાઈ આર.પટેલને તેમની પ્રકૃતિ પ્રત્યેની કામગીરી અંતર્ગત કૃતિ મિત્ર એવોર્ડ થી સન્માનિત કરવામા આવ્યા હતા. તેમણે કુલ ૨૩ વર્ષથી વૃક્ષારોપણ, પક્ષી પરબ, અક્ષયપાત્ર, પ્લાસ્ટિક મુક્ત શાળા જેવી પ્રકૃતિ બચાવોની કામગીરી કરેલ છે. શાળામાં બાળકોને પણ ઈકો ક્લબ અંતર્ગત ઘણી બધી એક્ટિવીટી કરાવેલ છે.-અખંડ ભારત

# દેડિયાપાડા ખાતે "વિશ્વ આદિવાસી અધિકાર દિવસની ઉજવણી કરાઈ



જીતેન્દ્રસિંહ - સરકારી વિનયન અને વિજ્ઞાન કૉલેજ, દેડિયાપાડામાં કૉલેજના આચાર્ય શ્રી ડૉ. અનિલાબેન કે. પટેલની અધ્યક્ષતામાં તા. ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૫ શનિવારના રોજ વિશ્વ આદિવાસી અધિકાર દિવસ અને હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કૉલેજના આચાર્ય ડૉ. અનિલાબેન કે. પટેલ, ડૉ. રમેશભાઈ કે. વસાવા, કૉલેજના ગ્રંથપાલ શ્રી સંજયભાઈ પરમાર અને ગૌરવકુમાર ગોયેલ સહિતના વક્તાઓ હાજર રહ્યા હતાં. તેમણે આદિવાસી અધિકાર દિવસ અને હિન્દી દિવસના અવસર પર હિન્દી ભાષાની વર્તમાન સ્થિતિ અને ભવિષ્યમાં વિશ્વમાં તેના મહત્વ વિશે વિસ્તૃત માહિતી પ્રદાન કરી હતી.કાર્યક્રમમાં ખાસ કરીને આદિવાસીઓના જળ, જંગલ અને જમીનના અધિકારો તથા સંઘર્ષ વિશે વિદ્યાર્થીઓને માહિતગાર તથા જાગૃત કરાયો હતો. કાર્યક્રમમાં કૉલેજમાં અભ્યાસ કરતા ૧૨૨ વિદ્યાર્થીઓ તેમજ કૉલેજના તમામ અધ્યાપકો ઉપસ્થિત રહ્યા અને કાર્યક્રમને સફળ બનાવવા તેમનો સહયોગ મળ્યો હતો. હિંદી વિભાગના પ્રાધ્યાપક ડૉ. સુરતનભાઈ વસાવાએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.-અખંડ ભારત

# હારીજ ખાતે પશુપાલકોનું સંમેલન યોજાયું



દશરથ ઠાકોર-હારીજ શંખેશ્વર સમીના પશુપાલકો દ્વારા હારીજ ખાતે એક સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. સંમેલન ચાલુ થાય તે પહેલા જ પશુપાલકો અને દૂધસાગર ડેરીના સમર્થકો વચ્ચે હોબાળો થયો હતો. આ સંમેલનનો મુખ્ય ઉદ્દેશ દૂધસાગર ડેરી દ્વારા પશુપાલકો ને દુધનો અપૂરતો ભાવ પશુ આહારમાં થતી ભેળસેળ અને અન્ય મુદ્દાઓ પર ચર્ચાઓ કરવાનો હતો.જોકે સંમેલન દરમિયાન દૂધસાગર ડેરીના સમર્થકો, જેમાં ડેરીના મંત્રીઓ અને પ્રમુખો પણ સામેલ હતા. તે સ્થળ પર ધસી આવ્યા હતા. તેમને સંમેલનના કાર્યકર્તાઓ ગેટ પર જ રોકી દેતા બંને પક્ષો વચ્ચે બોલાચાલી થઈ હતી. સંમેલનમાં હોબાળો થયા બાદ પણ પશુપાલકોએ વિરોધ યથાવત રાખ્યો હતો. મોટી સંખ્યામાં સૂત્રોચાર કરી પશુપાલકોએ રેલી પણ યોજી હતી. પશુપાલકો દ્વારા હારીજ રસ્તા પર દૂધ ઢોળી પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. ત્યારબાદ મામલતદાર શ્રી ને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.-અખંડ ભારત

# વંથલીના ખોરાસા પાસે સરકારી ગાડીએ ચાર યુવાનોને હડફેટે લેતા એકનું મોત




જાની મેહુલભાઈ- વંથલીના ખોરાસા નજીક સતાધાર પગપાળા જતા ચાર યુવાનોને સરકારી ગાડીએ હડફેટે લેતા એક યુવાનનું મોત થતા ગામમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે.આ અંગે વધુ વિગતોનુસાર 'લુશાળા' ગામનાં ૪ યુવાનો સાંજના ૫ કલાકે પગપાળા ચાલીને સતાધાર જતા હતા ત્યારે ખોરાસા અરણીયારા રોડ પર તાલાલા તરફથી આવતી બોલેરો નંબર GJ 25 U 8229 ના ડ્રાઈવરે ગાડી બેફિકરાઈથી ચલાવી યુવાનોને હડફેટે લીધા હતા. આ ઘટનાની જાણ ગ્રામજનોને થતા તેઓએ ઘટના સ્થળે પહોંચી ડ્રાઇવર તેમજ તેમાં રહેલ અધિકારીને ઝડપી પાડ્યા હતા. ત્યારે ડ્રાઈવર તેમજ અધિકારી ચિક્કાર દારૂ પીધેલ હાલતમાં જોવા મળતા ગ્રામજનોએ વંથલી પોલીસને જાણ કરતા વંથલી પોલીસ ઘટના સ્થળે પહોંચી આરોપીઓને વંથલી પોલીસ સ્થળે લેવાયા હતા.અકસ્માતમાં ભોગ બનનાર સુભાષભાઈ કાનાભાઈ ડાંગરનું સારવાર દરમિયાન મોત થયું હતું ઘટનાની જાણ થતા ગ્રામજનો વંથલી પોલીસ સ્ટેશને પહોંચી આરોપીઓ સામે કડક કાર્યવાહી કરવા માંગણી કરી હતી.વંથલી પોલીસ સ્ટેશનના પીઆઇ ચૌધરીએ આ ઘટનાને કમનસીબ ગણાવી આરોપીઓ સામે કડક કાર્યવાહી કરવા અને વધુમાં વધુ સજા થાય તેવી કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી એક તરફ જ્યારે ગુજરાતમાં દારૂબંધીના દાવા થઈ રહ્યા છે ત્યારે આ દાવાને પોકળ સાબિત કરતા હોય તેમ ગુજરાતમાં બેફામ દારૂ મળતો હોય તેવા બનાવમાં ગવર્નેન્ટ ઓફ ગુજરાત લખેલ બોલરોમાં કુતિયાણા પાણી પુરવઠા અધિકારી ગોવિંદભાઈ એલ. પાતર, ડ્રાઈવર રાહુલ સી. પાતર ચિક્કાર દારૂ પીધેલ હાલતમાં હતા તેમજ ગાડીમાંથી ૪ બિયરના ટીન પણ મળી આવ્યા હતા - અખંડ ભારત

# અમદાવાદમાં "વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ"નું લોકાર્પણ



શાહ ચિરાગ- અમદાવાદમાં એક ઐતિહાસિક ક્ષણ સર્જાઈ હતી, જ્યારે માનનીય કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી

અમિતભાઈ શાહના વરદ્ હસ્તે નવનિર્મિત, અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ આંતરરાષ્ટ્રીય કક્ષાના 'વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ'નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા રમતગમત મંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયા, રાજ્યના મંત્રીશ્રીઓ,લોક પ્રતિનિધિઓ તેમજ અન્ય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. વિશ્વકક્ષાની સુવિધાઓ સાથે તૈયાર થયેલ આ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ અમદાવાદના ખેલપ્રેમી નાગરિકો માટે એક નવીન ભેટરૂપ બનશે. ખેલાડીઓને પ્રોત્સાહન મળે તેવા 'ઈન્ફ્રાસ્ટ્રક્ચર' દ્વારા શહેર અને રાજ્ય રમતગમત ક્ષેત્રે નવી ઊંચાઈઓ સર કરશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. લોકાર્પણ સમારોહમાં મોટી સંખ્યામાં ખેલપ્રેમી નાગરિકોએ હાજરી આપી હતી અને આ અવસરને યાદગાર બનાવ્યો હતો.— અખંડ ભારત

# વડોદરા જિલ્લામાં તા. ૧૭ સપ્ટેમ્બર થી ૨ ઓક્ટોબર દરમ્યાન "સ્વસ્થ નારી – સશક્ત પરિવાર અભિયાન"

શાહ ચિરાગ-

વડોદરા જિલ્લામાં તા. ૧૭ સપ્ટેમ્બર થી ૨ ઓક્ટોબર દરમ્યાન "સ્વસ્થ નારી – સશક્ત પરિવાર અભિયાન" યોજવામાં આવશે.આ અભિયાન અંતર્ગત જિલ્લાભરના વિવિધ કેન્દ્રોમાં મહિલાઓ માટે આરોગ્ય સંબંધિત વિવિધ સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. મહિલાઓ ના આરોગ્ય પ્રત્યે જાગૃતિ વધારવા માટે માહિતી આપવામાં આવશે, તેમજ નિષ્ણાત તબીબો દ્વારા સ્ક્રીનિંગ, તપાસ અને જરૂરી સારવારની સુવિધા પણ પૂરી પાડવામાં આવશે.મહિલાઓનું આરોગ્ય મજબૂત બનશે તો પરિવાર અને સમાજ બંને સશક્ત બનશે. આ સંદેશ સાથે આ અભિયાનને સફળ બનાવવા જિલ્લા પ્રશાસન, આરોગ્ય વિભાગ તથા વિવિધ સહયોગી સંસ્થાઓ દ્વારા સંકલિત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.રાષ્ટ્રના આરોગ્ય પરિપ્રેક્ષ્યમાં પરિવર્તન લાવવા દેશવ્યાપી આ અભિયાન અંતર્ગત સમગ્ર દેશમાં આરોગ્ય ચકાસણી અને તબીબી સેવાઓનું આયોજન કરવામાં આવ્યું છે. રાષ્ટ્રીય પોષણ માસના ઉજવણી પ્રસંગે તથા પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે. અભિયાનની મુખ્ય પ્રવૃત્તિઓ - બધી મહિલાઓ માટે તબીબી તપાસ અને આરોગ્ય સેવાઓ બ્લડ પ્રેશર, શુગર, હિમોગ્લોબિન, મોં-દાંતની તપાસ,કેન્સર-સ્તન/મુખ/સર્વિકલ તપાસ, ગર્ભવતી મહિલાઓ માટે જરૂરી સ્ક્રીનિંગ, રસીકરણ સેવાઓ, એનિમિયાની ચકાસણી, ટેલિમેડિસિન સેવાઓ, ટીબી તપાસ, સિકલ સેલ એનિમિયા ચકાસણી, ખાસ કેમ્પો, સ્વસ્થ જીવનશૈલી અને આરોગ્ય જાગૃતિ,મીઠું અને ખાંડના ઉપયોગમાં ૧૦ % ઘટાડો, સ્થાનિક અને પૌષ્ટિક આહાર પ્રોત્સાહન, માસિક ધર્મ દરમિયાન સ્વચ્છતા માટે જાગૃતિ,માતા અને બાળ આરોગ્ય માટે પોષણ માર્ગદર્શન, માનસિક સ્વાસ્થ્ય તથા પોષણ અંગે જાગૃતિ, 'ટેક હોમ રેશન' (THR)નું વિતરણ ,સેવાઓ સુધી સરળ પહોંચ માટે - જનની સુરક્ષા યોજના (JSY) પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના હેઠળ લાભ,આયુષ્માન ભારત કાર્ડ, સિકલ સેલ કેમ્પ.વિવિધ યોજનાઓની માહિતગારતા- નાગરિકોની સક્રિય ભાગીદારી,સમુદાય શિબિરો,નિશ્ચિતવ્યવસ્થિત પંજીકરણ,આંગણવાડી પંજીકરણ.મહિલાઓ અને બાળકો આ સેવાઓનો લાભ લેવા માટે પોતાના નજીકના આયુષ્માન આરોગ્ય મંદિર, સમુદાય આરોગ્ય કેન્દ્ર અથવા આંગણવાડી કેન્દ્રનો સંપર્ક કરી શકે છે.-અખંડ ભારત

# નેપાળ હિંસાથી ભારત તણાવમાં, ૭૯ કેદીઓ ધરપકડ




નેપાળમાં હિંસાના કારણે નેપાળની સરહદ પર સુરક્ષા સઘન બનાવી દેવામાં આવી છે. નેપાળની જેલોમાંથી સેંકડો કેદીઓ ફરાર થઈ ગયા છે અને તેમની ધરપકડ માટે ત્યાં પણ કાર્યવાહી ચાલી રહી છે.

બીજી તરફ, આ કેદીઓમાંથી ઘણા બિહારના રસ્તે ભારતમાં ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. અત્યાર સુધીમાં ઘણા કેદીઓને સરહદ પરથી પકડવામાં આવ્યા છે, જેમાં કેટલાક ખુંખાર ગુનેગારો પણ સામેલ છે.

આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, બિહાર પોલીસ હેડક્વાર્ટરે જિલ્લાના પોલીસ અધિક્ષકોને એલર્ટ રહેવાની સૂચના આપી છે અને સશસ્ત્ર સીમા બળ (SSB) દ્વારા સરહદ પર દેખરેખ વધુ સઘન બનાવી દેવામાં આવી છે.નેપાળની વિવિધ જેલોમાંથી ભાગી છૂટેલા કુલ ૭૯ કેદીઓને ભારતીય સીમામાં પ્રવેશવાનો પ્રયાસ કરતા સશસ્ત્ર સીમા બળ (SSB) દ્વારા ભારત-નેપાળ સરહદ પરની જુદી જુદી ચોકીઓ પરથી પકડવામાં આવ્યા છે.અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ કેદીઓમાં ૨૯ થી ૪૦ વર્ષની વયના છે. જેમાં બે નાઈજીરીયન, એક બ્રાઝિલિયન અને એક બાંગ્લાદેશી નાગરિકનો પણ સમાવેશ થાય છે.નેપાળ આર્મીને જેલોની આસપાસ તહેનાત કરી દેવામાં આવી છે, પરંતુ પરિસ્થિતિ હજુ પણ તણાવપૂર્ણ છે.આ દરમિયાન ભારત દ્વારા SSBએ પોતાની જવાબદારી સંતોષકારક રીતે નીભાવીને ભાગી ગયેલા કેદીઓને ભારતમાં ઘૂસે તે પહેલા જ પકડી પાડ્યા છે. તેમજ પેટ્રોલિંગ વધુ તીવ્ર કરવામાં આવી છે, જેથી કોઈ ભાગી ગયેલો કેદી ભારતીય સરહદમાં પ્રવેશી ન શકે.

# નર્મદા જિલ્લામાં બેઠક યોજાઈ



જીતેન્દ્રસિંહ-

નર્મદા જિલ્લામાં ૮મો રાષ્ટ્રીય પોષણ માસ-૨૦૨૫ને સફળ બનાવવા કલેક્ટર શ્રી એસ.કે. મોદીની અધ્યક્ષતામાં મહત્વપૂર્ણ બેઠક યોજાઈ. આ બેઠકમાં આઈ.સી.ડી.એસ. વિભાગના ઈન્ચાર્જ અધિકારીશ્રીએ સમગ્ર ઉજવણીના આયોજનની માહિતી આપી હતી. સાથે સાથે આરોગ્ય, શિક્ષણ સહિત અન્ય સંબંધિત વિભાગોએ ઉજવણી દરમિયાન કરવાની કામગીરી અંગે જાણકારી અપાઈ હતી.

કલેક્ટરશ્રી એસ.કે.મોદીએ જણાવ્યું કે, તા.૧૭ સપ્ટેમ્બરથી ૧૬ ઓક્ટોબર સુધી ચાલનારા "૮મા રાષ્ટ્રીય પોષણ માહ-૨૦૨૫" દરમિયાન બાળકો, કિશોરીઓ, ગર્ભવતી તેમજ ધાત્રી માતાઓના પોષણ સ્તરમાં સુધારો લાવવા માટે વિવિધ પ્રવૃત્તિઓ યોજાનાર છે. ખાસ કરીને આંગણવાડી કેન્દ્રો, શાળાઓ અને આરોગ્ય વિભાગ સાથે વિવિધ ૧૫ જેટલાં વિભાગોને સોંપાયેલી કામગીરી માટે તમામ વિભાગો વચ્ચે સુમેળ જાળવી વ્યાપક જનજાગૃતિ ફેલાવવા સૂચના આપી હતી.મિશન પોષણ ૨.૦ અંતર્ગત પોષણ ટ્રેકિંગ, એનિમિયા નિયંત્રણ, સંતુલિત આહાર, શુદ્ધ પીવાનું પાણી, સ્વચ્છતા અને આરોગ્ય સેવાઓ જેવા મુદ્દાઓ પર ખાસ ભાર મુકવામાં આવશે. જેમાં જિલ્લા સ્તરે જનજાગૃતિ અભિયાન, માર્ગદર્શક શિબિરો, સ્પર્ધાઓ તથા નાના-મોટા કાર્યક્રમો દ્વારા સમાજના તમામ વર્ગોને જોડવામાં આવશે. "પોષણ માસ માત્ર એક અભિયાન નથી, પરંતુ સમાજને તંદુરસ્ત ભવિષ્ય તરફ દોરી જતું એક મહત્વપૂર્ણ પગલું છે. દરેક વિભાગ, સંસ્થા અને નાગરિકોની સક્રિય ભાગીદારીથી આ અભિયાનને સફળ બનાવવું અનિવાર્ય છે.આ બેઠક પૂર્વે સવારે ૧૦.૩૦ કલાકે રાજ્યકક્ષાએથી આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ દ્વારા વીડિયો કોન્ફરન્સના માધ્યમથી તમામ જિલ્લાના કલેક્ટરશ્રી સાથે કાર્યક્રમના સુચારૂ આયોજન સંદર્ભે વર્ચ્યુઅલ સંવાદ સાધી માર્ગદર્શન પુરૂં પાડયું હતું.

-અખંડ ભારત

# ગાબટ-ઉભરાણ માર્ગ પર વિદેશી દારૂ, કાર સહિત રૂ. ૨.૨૫ લાખનો મુદ્દામાલ ઝડપાયા




ત્રિલોક પંડયા-

અરવલ્લી જીલ્લાના સાઠંબા પોલીસ મથકના મહિલા પોલીસ ઈન્સ્પેક્ટર સેજલ પટેલ સ્ટાફ સાથે પ્રોહિબિશન વૉચમાં હતા. જે દરમ્યાન બાતમીવાળી નિશાન કંપનીની કાર આવી પહોંચતાં પોલીસને જોઈ કાર ચાલકે કારને રીવર્સ કરી ઉભરાણ તરફ પાછી ભગાડી મુકી ભાગવાનો પ્રયાસ કર્યા બાદ કારને રોડ સાઈડમાં મુકી કાર ચાલક ફરાર થઈ ગયો હતો.બાદમાં પોલીસે કારની તલાશી લેતા કારમાંથી ઈંગ્લિશ દારૂની બોટલ નંગ. ૫૩.કિંમત રૂ. ૨૫, ૭૮૫/- સાથે કાર મળી કુલ મુદ્દામાલ રૂપિયા. ૨,૨૫,૭૮૫/-નો કબજે લઈને ફરાર કાર ચાલક સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી પોલીસે હાથ ધરી છે.

-અખંડ ભારત

# કાલસારી પી.એચ.સી.ની કામગીરીથી નારાજ લોકોએ કર્યો હલ્લાબોલ



ઈન્દ્રેશભાઈ -

વિસાવદરના કાલસારી ગામમાં આવેલ પી.એચ.સી. ખાતે આજે સરપંચ તથા ગ્રામજનોએ વિવિધ પ્રકારના સઘન ચેકીંગ કરીને સ્વાસ્થ્ય અંગેના સાધનો સુવિધા અંગે તાગ મેળવી ત્યાંના ઇન્ચાર્જ અધિકારીને આડે હાથ લીધા હતા.મસમોટો તગડો પગાર લેતા આ અધિકારીની બેદરકારી માટે સૌએ તતડાવ્યા હતા.અને સમગ્ર સેન્ટરમાં વિવિધ મશીનરીઓ બે વર્ષેથી બંધ હાલતમાં જોવા મળેલ છે છતાંય આ અંગે જવાબદાર અધિકારીના પેટનું પાણી હલતું નથી એવું જાણવા મળ્યું છે.સ્ટાફમા પણ પોતાના મળતીયાઓને ભારે રહેમદિલી દાખવે છે અને કોઈ સામે બોલે તો ઉચ્ચ અધિકારીઓ પાસેથી સહન ન થાય તેવો માનસિક ત્રાસ આપે છે.મસ્ટરમા પણ કર્મચારીઓની સહી બાબતે પણ ભારે ગોલમાલ કરી હોવાની સંભાવના હોય એવું લાગે છે.સરપંચશ્રી અને આગેવાનોએ જણાવ્યું કે જો હવે આગામી દિવસોમાં આ તંત્ર અને અધિકારીઓ સુધરશે નહિ તો આંદોલન કરવામાં આવશે.

-અખંડ ભારત

# કાંકરેજના વડા ખાતે રક્તદાન કેમ્પનું આયોજન



અરવિંદસિંહ ચાવડા-

રવિવારે ૧૪/૦૯/૨૦૨૫ ના રોજ કાંકરેજના વડા ગામે ડિગ્નીટી જસ્ટિસ ફોર હ્યુમન રાઈટ્સ ફાઉન્ડેશન, સમસ્ત વડા ગામ અને એચ.કે.બ્લડ બેન્ક પાટણના સંયુક્ત ઉપક્રમે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું.જેમાં ૧૨૮ થી વધારે બ્લડની બોટલો એકઠી કરવામાં આવી. તમામ રકતદાતાને પ્રમાણપત્ર અને ગિફ્ટ આપીને સન્માનિત કર્યા આ પ્રસંગે ડિગ્નીટી જસ્ટિસ ફોર હ્યુમન રાઈટ્સ ફાઉન્ડેશનના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી તેજસિંહ પરમાર,રાષ્ટ્રીય મહા સચિવ સુખદેવભાઈ જોષી,રાષ્ટ્રીય પ્રમુખ એજ્યુ.સેલ રાજેન્દ્રકુમાર પ્રજાપતિ,ગુજરાત પ્રદેશ અધ્યક્ષ અરવિંદસિંહ બી. ચાવડા,નોર્થ ઝોન સહમંત્રી ગોવિંદસિંહ મકવાણા,નોર્થ ઝોન સહમંત્રી વાઘુભા વાઘેલા,નોર્થ ઝોન એજ્યુ.સેલ પ્રમુખ વિજયસિંહ વિહોલ,પાટણ જિલ્લા પ્રમુખ જગદીશભાઈ શાસ્ત્રી,બનાસકાંઠા જિલ્લા યુથ પ્રમુખ સુરેશસિંહ વાઘેલા,કાંકરેજ તાલુકા પ્રમુખ વિરેન્દ્રસિંહ વાઘેલા,કાંકરેજ તાલુકા યુથ પ્રમુખ દેવુસિંહ વાઘેલા,વિજાપુર તાલુકા ઉપપ્રમુખ ગોવિંદભાઈ રાવળ,વડા સરપંચ ઊર્મિલાબા મોહબ્બતસિંહ વાઘેલા,નરેશજી ઠાકોર,હિંમતસિંહ વાઘેલા,વનરાજસિંહ વાઘેલા,જનકસિંહ ઝાલા તેમજ સમસ્ત વડા ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં. આ સાથે ડિગ્નીટી જસ્ટિસ ફોર હ્યુમન રાઈટ્સ ફાઉન્ડેશન તરફ થી જોગણી માતા ના મંદિર માં ૫૧૦૦/- રૂપિયા નું દાન કરવામાં આવ્યું.

-અખંડ ભારત

# ભિલડી સોયલા માર્ગ ઉપર ગંદકીનું સામ્રાજ્ય



ધવલકુમાર દવે-

ભીલડી - થી સોયલા જતા માર્ગની સાઈડમાં સમગ્ર ગામના કચરાનો જાહેરમાં નિકાલ થતો હોઈ ગંદકીનું સામ્રાજ્ય ફેલાયું છે.આ ગંદકીને કારણે જીવજંતુઓનો ઉપદ્રવ વધતા રોગચાળાની દહેશત વર્તાઈ રહી હોઈ તાકીદે આ ગંદકી દૂર કરી કચરાનો યોગ્ય જગ્યાએ નિકાલ કરવામાં આવે તેવી સ્થાનિકોની માંગ ઉઠી છે. -અખંડ ભારત

# રાહ ખાતે કાનૂની માર્ગદર્શન સેમિનાર યોજાયા




ભરત વરણ-

થરાદ તાલુકાના રાહ ગામ ખાતે આવેલી નેશનલ આર્ટ્સ કોલેજમાં તાલુકા કાનૂની સેવા સમિતિ (થરાદ કોર્ટ) દ્વારા વિધાર્થીઓને મફત કાનૂની માહિતી આપવામાં આવી હતી, કાનૂની સેવા સમિતિ ના પી.એલ.વી. વક્તા શ્રી ધુમડા શૈલેષકુમાર મુળાભાઈ દ્વારા કોલેજના વિદ્યાર્થીઓને વિવિધ કાયદાઓ જેવા કે, પોક્સો એક્ટ, સાયબર ક્રાઈમ જાગૃતિ, ભારતીય બંધારણ, બાળ મજૂરી, વ્યસન નાબૂદી, મહિલા હેલ્પલાઇન ૧૮૧, નાલસા હેલ્પલાઇન ૧૫૧૦૦ તેમજ લીગલ સર્વિસ વિશે વિસ્તૃત કાનૂની માહિતી આપી માહિતગાર કર્યા હતા, કોલેજના વિધાર્થીઓને વ્યસન મુક્ત જીવનશૈલી જીવવા માટે અપીલ પણ કરાઈ હતી, આ કાર્યક્રમ નું સંચાલન અધ્યાપક મણવર મુકેશભાઈએ કર્યું હતું, કોલેજના પ્રમુખ જગદીશભાઈ પટેલ અને પ્રિન્સીપાલ ચિરાગકુમાર પટેલ તેમજ કોલેજનો સંપૂર્ણ સ્ટાફ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ સેમિનારમાં જોડાયા હતા.

-અખંડ ભારત

# અપર મહાપ્રબંધકે સાબરમતી સ્ટેશન અને કોચિંગ ડેપો નિરીક્ષણ કર્યું



પશ્ચિમ રેલવેના અપર મહાપ્રબંધક પ્રદીપ કુમારે અમદાવાદ મંડળના સાબરમતી રેલવે સ્ટેશન તથા ઈન્ટિગ્રેટેડ કોચિંગ ડેપો (ICD) સાબરમતીનું વ્યાપક નિરીક્ષણ કર્યું.નિરીક્ષણ દરમિયાન પ્રદીપ કુમારે સાબરમતી સ્ટેશન પર પુનર્વિકાસ કાર્યો અંતર્ગત નવનિર્મિત મુસાફરોની સુવિધાઓ જેમ કે કોન્કોર્સ હોલ, વેઈટિંગ એરિયા, ટિકિટ બુકિંગ વિન્ડો, મુસાફરો માટે અલગ-અલગ એન્ટ્રી અને એક્ઝિટ માર્ગ, લિફ્ટ તેમજ સ્ટેશન પર ઉપલબ્ધ અન્ય સુવિધાઓનું ધ્યાનપૂર્વક નિરીક્ષણ કર્યું. તેમણે તમામ પ્લેટફોર્મ પર જઈને ત્યાંની વ્યવસ્થાનું અવલોકન કર્યું તથા નિર્માણધીન ફૂટ ઓવરબ્રિજ, એસ્કેલેટર, કવર શેડ વગેરે વિકાસ કાર્યોની પ્રગતિની સમીક્ષા કરી.આ અવસરે ઉપ મુખ્ય પરિયોજના પ્રબંધક (અમદાવાદ) અનંત કુમારે સાબરમતી સ્ટેશન પર ચાલી રહેલા પુનર્વિકાસ કાર્યોની વિગતવાર માહિતી અપર મહાપ્રબંધકને આપી તથા આ પ્રોજેક્ટની વર્તમાન સ્થિતિથી અવગત કરાવ્યા. અપર મહાપ્રબંધકે સાબરમતી સ્થિત ઈન્ટિગ્રેટેડ કોચિંગ ડેપો (ICD)નું પણ નિરીક્ષણ કર્યું, જ્યાં તેમણે કોચોના રખાવટ તથા સંચાલન સંબંધિત પ્રક્રિયાઓનું મૂલ્યાંકન કર્યું. ખાસ કરીને તેમણે વંદે ભારત ટ્રેનસેટ માટે વિકસાવવામાં આવી રહેલા મેન્ટેનન્સ ડેપોની કામગીરીની પ્રગતિની સમીક્ષા કરી અને સંબંધિત અધિકારીઓને જરૂરી દિશા-નિર્દેશ આપ્યા.પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સેવાઓના ઉન્નયન, આધારભૂત સુવિધાઓના મજબૂતીકરણ તેમજ આધુનિક તકનીકોના અસરકારક અમલીકરણની દિશામાં સતત વિવિધ કડક પગલાં લેવામાં આવી રહ્યા છે. મુસાફરોને વધુમાં વધુ સુવિધા અને વિશ્વસ્તરીય સેવાઓ પૂરી પાડવા માટે નિરંતર પ્રયત્નશીલ છે. આ અવસરે ઉપ મહાપ્રબંધક સાથે મંડળ રેલ પ્રબંધક વેદ પ્રકાશ, અપર મંડળ રેલ પ્રબંધક મંજુ મીણા તથા અન્ય વરિષ્ઠ અધિકારીઓ પણ હાજર રહ્યા હતા.

# ૨૦૩૬ના 'ઓલિમ્પિક'ની તૈયારીમાં છે આપણું અમદાવાદ : અમિત શાહ

અવિનાશકુમાર તિવારી-

ભારત દેશના ગૃહ અને સહકારમંત્રીશ્રી અમિતભાઈ શાહે કહ્યું કે, '૨૦૩૦માં 'કોમનવેલ્થ ગેમ્સ' અમદાવાદમાં યોજાવાની શક્યતા છે. આ ઉપરાંત ૨૦૩૬ના 'ઓલિમ્પિક' માટે પણ અમદાવાદ તૈયારી કરી રહ્યું છે.


-અખંડ ભારત

# ગુજરાત હાઈકોર્ટને ચોથી વખત મળી બોમ્બની ધમકી



ગુજરાત હાઈકોર્ટને ફરી એકવાર બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી છે. આ માહિતી સામે આવતા જ પોલીસ તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. આ વખતે પણ કોઈ અજાણી વ્યક્તિએ ધમકીભર્યો ઈમેલ મોકલ્યો હતો. પોલીસનો કાફલો તરત જ હાઈકોર્ટ ધસી આવ્યો હતો. માહિતી અનુસાર ત્રણ મહિનાના સમયગાળામાં આ ચોથી વખત છે જ્યારે ગુજરાત હાઈકોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી હતી. તેમ છતાં આ ધમકી બાદ પણ હાઈકોર્ટમાં કામગીરી તો નિયમિત રીતે ચાલતી રહી હતી. છેલ્લે ઓગસ્ટમાં ઈમેલ દ્વારા આ રીતે ધમકી આપવામાં આવી હતી.ઉલ્લેખનીય છે કે, અગાઉ નવમી જૂન ૨૦૨૫ના રોજ ગુજરાત હાઈકોર્ટને મળેલા ઈ-મેલમાં IED બ્લાસ્ટ ધમકી આપવામાં આવી હતી. આ મામલે સોલા પોલીસે નોંધી અને સાયબર સેલે ઈ-મેલના મૂળની તપાસ શરૂ કરી હતી. તપાસમાં ધમકી ખોટી હોવાનું બહાર આવ્યું. ૨૪મી જૂન ૨૦૨૫ના રોજ રેની જોશિલ્ડા નામના ઈ-મેલ આઈડીથી બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. તપાસમાં ચેન્નાઈની એક મહિલાની ધરપકડ કરી હતી, જેણે વ્યક્તિગત કારણોસર આવી ધમકીઓ મોકલી હોવાનું કબૂલ્યું. જ્યારે ૨૦મી ઓગસ્ટ ૨૦૨૫ના રોજ ગુજરાત હાઈકોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. પરંતુ પોલીસે હાઈકોર્ટના પરિસરમાં સઘન ચેકિંગ હાથ ધરતા કોઈ શંકાસ્પદ વસ્તુ મળી ન હતી.

# ઓરવાડ નજીકથી ઈંગ્લિશ દારૂ ઝડપાયા



આશિષ કામદાર- દાહોદ

ગોધરા હાઈવે ઉપર એલસીબી ટીમે બાતમીના આધારે હાઈવે ઉપરથી પસાર થતી ટ્રકને થોભાવી તપાસ કરતા કુલ ૯૨૪૦ દારૂની બોટલો કિંમત રૂ. ૨૧.૬૮ લાખ, ૧૦ લાખની કિંમતનો ટ્રક, રોકડા અને મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૩૧.૭૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરી રમઝાની યાકુબ ચરખાની અટકાયત કરી આગળની કાર્યવાહી પોલીસે હાથ ધરી હતી.

-અખંડ ભારત

# અરવલ્લી જીલ્લાની 'લોક અદાલત'માં ૩૫૦૦થી વધુ કેસોનો નિકાલ

શર્મિષ્ઠાબેન પટેલ-

અરવલ્લી જીલ્લામાં જીલ્લા કાનુની સેવા સત્તા મંડળના ચેરમેન અંજારિયા સાહેબના માર્ગદર્શન મુજબ બધી કોર્ટમાં લોક અદાલત યોજવામાં આવી હતી, જેમાં જિલ્લાના સહુ વકીલોના સાથ સહકારથી ૩૫૦૦ કરતાં પણ વધુ પડતર કેસનો ઉકેલ આવ્યો હતો. એવું ધનસુરા તાલુકા બાર એસોસિએશન ના ઉપપ્રમુખ મેહૂલ પટેલે જણાવ્યું હતું.

-અખંડ ભારત

# નંબર પ્લેટ વિના વાહનો પર પોલીસ નિષ્ક્રિય, યુઝર્સનો આક્રોશ

અમદાવાદ શહેર પોલીસ દ્વારા ટ્રાફિક ડ્રાઈવ અંતર્ગત નંબર પ્લેટ વગરના વાહનો સામે ખાસ ઝુંબેશ ચલાવાઈ રહી છે. છેલ્લા એક સપ્તાહમાં શહેરના વિવિધ પોલીસ સ્ટેશન વિસ્તારોમાંથી ૨૬૭ જેટલા વાહનોને એમ.વી. એક્ટની કલમ ૨૦૭ હેઠળ ડિટેઈન કરવામાં આવ્યા છે. ચાલુ મહિનામાં જ અત્યાર સુધી કુલ ૧૨૫૮થી વધુ વાહનો પર આ પ્રકારની કાર્યવાહી કરાઈ છે. જો કે, અમદાવાદમાં 'રામાધણી' લખેલી નંબર પ્લેટ વગરની તેમજ બ્લેક ફિલ્મવાળા વાહનો હજુ પણ બેરોકટોક રસ્તા પર દોડી રહ્યા છે. આ ઉપરાંત રસ્તા પર ક્યારેક 'સોમનાથ સરકાર' લખેલી કાર પણ જોવા મળે છે, પરંતુ પોલીસ આ લોકો સામે કોઈ કાર્યવાહી કરતી નથી. RTO ના નિયમો મુજબ, વાહનની નંબર પ્લેટ પર માન્ય રજિસ્ટ્રેશન નંબર જ સ્પષ્ટ અને નિર્ધારિત ફોન્ટમાં દર્શાવવો ફરજિયાત છે.

# આહવામાં રખડતા પશુઓનો ત્રાસ



ઘિસારામ ચૌધરી-

આહવામાં રખડતા પશુઓના વધતા જતાં ત્રાસ વચ્ચે સ્થાનિક પ્રજાજનો અને વાહન ચાલકોને પડી રહેલી હાલાકી મુદ્દે આજે ગૌરક્ષક દ્વારા આવેદનપત્ર આપી જાહેરમાં રખડતા છોડી મુકતા પશુ માલિકો સામે કાર્યવાહી કરવા માંગ તંત્ર સમક્ષ કરવામાં આવી છે. -અખંડ ભારત

# વડાલીમાં ૧૦ દિવસ પાણી ન મળતાં મહિલાઓ રોષિત, અધિકારીઓ પલાયન



સાબરકાંઠાના વડાલીમાં ભર ચોમાસે પાણીની પારાયણ શરૂ થઈ ગઈ છે. છેલ્લા ૧૦ દિવસથી વડાલી શહેરમાં પાણીની સમસ્યા સર્જાતા મહિલાઓ નગરપાલિકામાં પહોંચી હતી અને હાય હાયના સુત્રોચ્ચાર કર્યા હતાં.

ગુજરાતમાં ભારે વરસાદને કારણે જળાશયોમાં નવા નીરની આવક થવા પામી છે. ઉત્તર ગુજરાતમાં આ વખતે સારો વરસાદ થયો છે. ત્યારે સાબરકાંઠાના વડાલીમાં ભર ચોમાસે પાણીની પારાયણ શરૂ થઈ ગઈ છે. છેલ્લા ૧૦ દિવસથી વડાલી શહેરમાં પાણીની સમસ્યા સર્જાતા મહિલાઓ નગરપાલિકામાં પહોંચી હતી અને હાય હાયના સુત્રોચ્ચાર કર્યા હતાં. પાણીનો વિરોધ કરવા આવેલી મહિલાઓ રણચંડી બનતાં અધિકારીઓ પણ રવાના થઈ ગયા હતાં.

વડાલીમાં મહિલાઓ પાણી માટે વિરોધ કરવા આવી ત્યારે અધિકારીઓ ઓફિસમાંથી ગાયબ થઈ ગયા હતાં. પાલિકા પ્રમુખ, ચીફ ઓફિસર સહિતના જવાબદાર અધિકારીઓ પાલિકા છોડીને પલાયન થઈ ગયા હતાં. મહિલાઓનો વિરોધ ઉગ્ર બનતાં પોલીસ પણ પહોચી હતી. છેલ્લા ૧૦ દિવસથી પાણી નહીં આવતા મહિલાઓ રોષે ભરાઈ હતી. મહિલાઓએ રોડ પર ચક્કાજામ કરીને વિરોધ નોંધાવ્યો હતો.

# તલાટી પરીક્ષામાં અંતરિક્ષ, ગાંધીજી અને મેક ઇન ઇન્ડિયા પ્રશ્નો પૂછાયા



ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળે મહેસૂલી તલાટી વર્ગ-૩ની રવિવારે અમદાવાદ સહિત રાજયના વિવિધ જિલ્લાઓમાં યોજાયેલી પ્રાથમિક કસોટીમાં કુલ ૪.૩ લાખ ઉમેદવારોમાંથી ૨.૯૫ લાખ ઉમેદવારો ઉપસ્થિત રહેતા ૭૩.૧૭ ટકા હાજરી નોંધાઈ છે. જ્યારે અમદાવાદ સેન્ટર માટે નોંધાયેલા કુલ ૩૬૦૩૨ ઉમેદવારોમાંથી ૨૪૫૧૮એ પરીક્ષા આપતા ૬૮.૦૪ ટકા હાજરી નોંધાઈ છે.ઓવરઓલ પ્રશ્નપત્ર સરળ રહેતા ઉમેદવારોએ રાહતની લાગણી અનુભવી હતી.પરીક્ષાનુ પરિણામ ઓક્ટોબરના પ્રથમ સપ્તાહમાં જાહેર કરાશે, જયારે મેઈન્સ પરીક્ષા ૧૪મી ઓક્ટોબરે જાહેર કરાશે,અમદાવાદ સહિત રાજ્યના ૨૩ જિલ્લાઓના ૧૩૮૪ કેન્દ્રોમાં આ પ્રાથમિક કસોટી રવિવારે બપોરે ૨થી પાંચ દરમ્યાન શાંતિપૂર્ણ માહોલમાં થઈ હતી.

# બનાસકાંઠાના પૂરગ્રસ્ત વિસ્તારોની કોંગ્રેસે લીધી મુલાકાત



બનાસકાંઠા જિલ્લાના થરાદ, વાવ અને સુઈગામ તાલુકામાં ૭ અને ૮ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ આવેલા અચાનક પૂરના કારણે સર્જાયેલી ગંભીર પરિસ્થિતિ બાદ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિતભાઈ ચાવડાએ આજે અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી. તેમની સાથે સાંસદ ગેનીબેન ઠાકોર અને જિલ્લા કોંગ્રેસના નેતાઓ પણ જોડાયા હતા. મુલાકાત દરમિયાન તેમણે સરકાર પાસે તાત્કાલિક રૂ. ૧,૦૦૦ કરોડના સહાય પેકેજની માગ કરી હતી અને સરકારની રાહત કામગીરી પર અનેક સવાલો ઉઠાવ્યા હતા.અમિત ચાવડાએ સુઈગામ તાલુકાના ભરડવા ગામ, વાવના મોરિખા ગામ અને થરાદના ડોડગામ તથા ખાનપુર ગામની મુલાકાત લીધી હતી.

# વસ્ત્રાલમાં મેગા મેડિકલ કેમ્પમાં ૯૦૦થી વધુ દર્દીઓની તપાસ



વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ અને ઓપરેશન સિંદૂરની સફળતા નિમિત્તે સેવા પખવાડિયા-૨૦૨૫ અંતર્ગત મફત મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. માધવ વિદ્યાવિહાર, વસ્ત્રાલ ખાતે ૧૪ સપ્ટેમ્બર, રવિવારે યોજાયેલા આ કેમ્પમાં ૫૦થી વધુ ડૉક્ટર્સે સેવા આપી.સમસ્ત ગુજરાત પ્રજાપતિ યુવક મંડળના પ્રમુખ યતિનભાઈ કાંતિભાઈ પ્રજાપતિના નેતૃત્વમાં કેમ્પનું આયોજન થયું. ડૉ. સચિન પ્રજાપતિ કન્વીનર તરીકે, અજીતભાઈ પ્રજાપતિ સંયોજક તરીકે અને જગદીશભાઈ પ્રજાપતિ મહામંત્રી તરીકે જવાબદારી સંભાળી.કેમ્પમાં ૯૦૦થી ૧૦૦૦ દર્દીઓની તપાસ કરવામાં આવી. દરેક સમાજના લોકોને નિઃશુલ્ક આરોગ્ય ચકાસણી અને સ્વસ્થ જીવનશૈલી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. કાર્યક્રમમાં કુલ ૧૫૦૦થી ૧૭૦૦ લોકોએ હાજરી આપી.અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના શાસકપક્ષ નેતા ગૌરાંગભાઈ પ્રજાપતિ સહિત વિવિધ રાજકીય અને સામાજિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા. કાર્યક્રમના અંતે પ્રમુખ યતિનભાઈએ તમામ ડૉક્ટર્સ, નર્સિંગ સ્ટાફ અને સ્વયંસેવકોનો આભાર માન્યો. તેમણે ભવિષ્યમાં પણ આવી સેવા પ્રવૃત્તિઓ ચાલુ રાખવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી.

# ધંધુકામાં લવિંગિયા પાર્ક ખુલતાં ખુશીનો માહોલ



ધંધુકા શહેરના લોકોએ લાંબા સમયથી અપેક્ષા રાખેલા લવિંગિયા પાર્ક બગીચાને આખરે નગરપાલિકા દ્વારા ખુલ્લો મુકવામાં આવ્યો છે. મિડીયા દ્વારા આ મુદ્દો ઉઠાવવામાં આવ્યા બાદ ચીફ ઓફિસર રાજુ શેખે તાત્કાલિક પગલાં લેવા અંગે ખાતરી આપી હતી. હવે તે ખાતરીને સાકાર કરતાં પાર્ક લોકોને ખુલ્લો મુકાતા સમગ્ર શહેરમાં ખુશી છવાઈ ગઈ છે.

બગીચો ખુલતા જ બાળકોના ટોળા રમવા ઉમટી પડ્યા હતા. પાર્કમાં નવા ઝૂલાં, સ્લાઈડ્સ, સી-સૉ, તેમજ બાળકો માટેના આધુનિક રમકડાં મુકવામાં આવ્યા છે,

જેના કારણે બાળકો આનંદમાં ઝૂમી ઉઠ્યા હતા. લીલાછમ લોનમાં રમતા નાનકડા બાળકો અને તેમને પ્રોત્સાહિત કરતા વાલીઓનો ઉત્સાહપૂર્ણ માહોલ જોવા મળ્યો. પરિવારજનો માટે પાર્કમાં વૉકિંગ ટ્રેક બનાવાયો છે.વૃક્ષોની છાંયામાં ફરવાનો આનંદ માણતા લોકોના ચહેરા પર ખુશીની ઝલક જોવા મળી. સાથે જ સવાર અને સાંજના સમયે લોકો માટે યોગ અને વ્યાયામ કરવા ખાસ જગ્યા પણ ઉભી કરવામાં આવી છે.પાર્કમાં સૌંદર્યવર્ધક રંગબેરંગી ફૂલોના છોડ અને સુવિધાજનક બેસવાની વ્યવસ્થા કરાઈ છે, જે સમગ્ર વાતાવરણને આકર્ષક બનાવી દે છે. બાળકો માટેના ઝોન સિવાય વરિષ્ઠ નાગરિકો માટે આરામથી બેસી શકે તેવી ગાર્ડન બેચ પણ ઉભી કરવામાં આવી છે.

# ધોલેરા હાઈવે પર કાર-બાઇક વચ્ચે સર્જાયેલ અકસ્માતમાં બેના મોત



ધોલેરા એક્સપ્રેસ હાઈવે પર આંબલી ગામ નજીક કાર અને બાઈક વચ્ચે સર્જાયેલ ગમખ્વાર અકસ્માતમાં બાઈક ઉપર સવાર બે વ્યક્તિઓ લોહીયાળ ઈજાનો ભોગ બનતા ઘટના સ્થળે જ કાળનો કોળીયો બની જતાં કરૂણ મોત નિપજ્યાની ઘટના સામે આવી છે.અકસ્માત એટલો જોરદાર હતો કે કાર રોડ પર પલટી ખાઈ ગઈ હતી. જે અકસ્માતની જાણ સ્થાનિક પોલીસને થતાં તાત્કાલિક ઘટના સ્થળે દોડી જઈ બંન્ને મૃતકોની લાશને પી.એમ અર્થે ખસેડી આગળની કાર્યવાહી પોલીસે હાથ ધરી હોવાનું જાણવા મળેલ છે.

# રૂમ પાર્ટનરના લેપટોપ ચોરી કરનાર યુવક ૧૧ વર્ષે ઝડપાયો



વડોદરાના છાણી વિસ્તારમાં રૂમ પાર્ટનરના લેપટોપ લઈ ભાગી છૂટેલો આરોપી ૧૧ વર્ષ પછી મહારાષ્ટ્રથી પકડાયો છે.

છાણીની અંબિકા નગર સોસાયટીના મકાનમાં રહેતા યુવકોમાંથી સચિન વાસુભાઈ ગાયગવળે(ભલવાની ગામ, સાંગલી, મહારાષ્ટ્ર) બે રૂમ પાર્ટનરના બે લેપટોપ લઈને ફરાર થઈ જતા તેની સામે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. પોલીસ તેને વારંવાર શોધવા ગઈ હતી પરંતુ કોઈ પત્તો મળતો ન હતો. જેથી કોર્ટે કલમ ૭૦ મુજબ ધરપકડનું વોરંટ કાઢ્યું હતું. દરમિયાનમાં સચિન થાણેના કલ્યાણ ખાતે મકાનમાં રહેવા આવ્યો હોવાની વિગતો મળતા પોલીસે વોચ રાખી તેને ઝડપી પાડ્યો હતો અને ફતેગંજ પોલીસને સોંપવાની તજવીજ કરી હતી.

# લોહાણા મહાપરિષદે શિક્ષકો અને ૧૯૨ વિદ્યાર્થીઓને સન્માનિત કર્યા




શેલાના ઔડા ઓડિટોરિયમ ખાતે લોહાણા મહાપરિષદ દ્વારા પ્રથમ ગ્લોબલ સરસ્વતી સન્માન ૨૦૨૫નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં દેશભરમાંથી સમાજના વિદ્યાર્થીઓ, પ્રોફેશનલ્સ, શિક્ષકો અને આગેવાનોએ હાજરી આપી હતી.આ કાર્યક્રમ અંતર્ગત ૧૯૨ લોકોનું સન્માન કરાયું હતું.

જેમાં ૧૭૮ વિદ્યાર્થીઓનું, ૧૦ આદર્શ શિક્ષકોનું તેમજ ૪ લોહાણા સમાજ સંચાલિત સંસ્થાઓનું શૈક્ષણિક યોગદાન બદલ સન્માન કરાયું હતું. મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્ય પ્રદેશ, ઓડિશા અને પશ્ચિમ બંગાળ સહિતના રાજયોમાંથી સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા.આ અંગે લોહાણા મહાપરિષદના અધ્યક્ષ સતીશ વિઠલાણીએ જણાવ્યું કે, સમાજના નવયુવાનોને એકમંચ કરવા માટે અને સમાજના યુથ વિંગને વધુ મજબૂત કરવા માટે આ કાર્યક્રમ યોજયો હતો. અમારા સમાજની શક્તિ શિક્ષણમાં છે.આ પ્રસંગે રાજ્યના શિક્ષણમંત્રી ડો. કુબેરભાઈ ડિંડોર તેમજ બીએપીએસ સ્વામિનારાયણ મંદિરના સંત ડો. જ્ઞાનવત્સલ સ્વામી હાજરી આપી આશીર્વચન પણ આપ્યાં હતાં.

# આશરો ચેરીટેબલ ટ્રસ્ટના સ્થાપકને સન્માનિત કરાયા



પંચાલ ધાર્મિક -મહિસાગર જિલ્લા ના આશરો ચેરીટેબલ ટ્રસ્ટ ના સ્થાપક હાર્દિક પંચાલ ને JCI લુણાવાડા દ્વારા વિશિષ્ટ સન્માન એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવતા સૌએ તેમને શુભેચ્છાઓ પાઠવી હતી.-અખંડ ભારત

































**Printed,Published&Owned,Editor by,**TETARAWAL ROOPSINGH HEMARAM **Printed at** SHIVAM OFFSET, PLOT NO - 521/2,GH-6 CORNER,Sector-22,Gandhinagar-PIN. 382 022 . and **Published at** ,I-406, Amardeep residency, NR. Pushkar bungalow, Nana chiloda, Ahmedabad/ Gandhinagar - 382330,(GUJARAT) M - 9909441697